ગાંધીનગરથી દર પહેલી અને સોળમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58000

Registered under RNI No. GUJGUJ/2014/58000 Permitted to post at SRO,GANDHINAGAR-382010 on 1st & 16th date of every month under Postal Regd No G-GNR-317 issued by SSP GNR valid up to 31-12-2017

# દયાનંદ ટાઈમ્સ પાક્ષિક

Dayanand times (Fortnightly) Gandhinagar

વર્ષ : ૨ ● અંક : ૦૬ ● મુખ્ય સંપાદક : અરવિંદ રાણા ● તંત્રી : હરીશ રાણા ● તારીખ : ૧૬-૦૬-૨૦૧૫, મંગળવાર R.N.I. No. GUJGUJ/2014/58000 ● કિંમત : રૂા. ૬.૦૦ ● પાના : ૪

### પૂ. સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીની અધ્યક્ષતામાં

## ખારઘર, મુંબઈ ખાતે ચાર દિવસીય શિબિર ઉત્સાહભેર સંપન્ન

દર્શનયોગ મહાવિદ્યાલય (રોજડ)ના નિદેશક સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજી સમગ્ર ભારતભરમાં વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર સતત કરી રહ્યા છે. સ્વામી વિવેકાનંદજી તેમના આ ઘનિષ્ઠ પ્રચાર-પ્રસારમાં ગત તા. ૧ થી ૪ દરમ્યાન મુંબઈના ખારઘર સ્થિત આર્યશ્રેષ્ઠી શ્રી પ્રેમજીભાઈ કેશરાણીજીના નિવાસસ્થાને યોજાયેલી ચાર દિવસીય શિબિરમાં ઉપસ્થિત વિશાળ જનસમુદાયને દરરોજ યોજાતા બે સત્રમાં અષ્ટાંગ યોગ, યોગદર્શનના અભ્યાસ ઉપરાંત તેમની શંકાઓનું સચોટ ઉદાહરણ સહિત સમાધાન કર્યું હતું.

આ શિબિરમાં મુંબઈના આર્યશ્રેષ્ઠીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ શિબિરની પૂર્ણાહૂતિમાં ઘાટકોપરના શ્રીમતી જયાબેન, શ્રી મહેશભાઈ, શ્રીમતી હેમલતાબેન પારસીયા વગેરેએ ખાસ ઉપસ્થિત રહી શિબિર અંગેના તેમના વિચારો વ્યક્ત કર્યા હતા.



આ શિબિરને સફળ બનાવવા શ્રી પ્રેમજીભાઈ કેશરાણી, શ્રીમતી સાવીત્રીબેન કેશરાણી, પાર્થ કેશકાણી, શ્રી સુરેશ નાકરાણી, સુશ્રી તૃપ્તિબેન નાકરાણી, સુશ્રી ચંદ્રિકાબેન નાકરાણી, શ્રી નરેન્દ્રભાઈ પોકાર, સુશ્રી અંજુબેન ધોળુ, શ્રી રાજુભાઈ પ્રેમજીયાણી, સુશ્રી ઈલાબેન દેવાણી, સુશ્રી પ્રિતિબેન સહિત અનેક મહાનુભાવોએ પોતાનો સહયોગ આપ્યો હતો.

આર્ય વન વિકાસ ફાર્મ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી શ્રી નારણબાપા આ શિબિરમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી નારણબાપા દ્વારા પૂ. સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીનું સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ શિબિરના સમાપન સમારોહનું સફળ સંચાલન શ્રી નરેન્દ્રભાઈ પોકારે કર્યું હતું. અંતમાં શ્રી પ્રેમજીભાઈ કેશરાણીએ પૂ. સ્વામી વિવેકાનંદજી તથા ઉપસ્થિત તમામ ધર્મપ્રેમીઓનો આભાર માન્યો હતો. ઉપસ્થિત શિબિરાર્થીઓએ આવી શિબિર વારંવાર યોજાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.







## આર્યસમાજ, પોરબંદર ખાતે 'સર્વજ્ઞાતિ સ્નેહ પરિચર્ચા તથા પર્યાવરણ સુખાકારી વ્યવસાય' વિષય પર બે દિવસીય ચિંતન શિબિર ઉત્સાહભેર સંપન્ન

પોરબંદર

આર્યસમાજ, પોરબંદર ખાતે તાજેતરમાં બે દિવસીય સર્વ જાતિ સ્નેહ પરિચર્ચા તથા પર્યાવરણ સુખાકારી વ્યવસાય પર શિબિરનું સફળતાપુર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આર્યસમાજ, પોરબંદર દ્વારા આયોજીત આ શિબિર પોરબંદરની જે.સી.આઈ. તથા ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવી હતી.

શિબિરના પ્રથમ દિવસે પોતાના અધ્યક્ષિય ઉદ્‌બોધનમાં જાણીતા સાહિત્યકાર અને પુરાતત્વવિદ્ શ્રી નરોત્તમભાઈ પલણે જણાવ્યું હતું કે, છસો વર્ષ પહેલાં દેશમાં જ્ઞાતિપ્રથા નહોતી, સંપત્તિ અને સત્તા માટેના ધર્મ પ્રેરિત આક્રમણો થયા. મહાત્મા ગાંધી જ્ઞાતિપ્રથામાં માનતા ન હતા અને તેઓ તેમના ઉદ્‌ઘાટનમાં પણ જતા નહીં. રાષ્ટ્રીય ઐક્ય એ કોઈ ભૌતિક પ્રક્રિયા નથી પણ હૃદયની પ્રક્રિયા છે. વિભિન્ન સમાજ એકબીજાને મદદરૂપ થવાની ભાવનાનો વિકાસ કરે એ રાષ્ટ્રીય એકતા માટે જરૂરી છે.

રાષ્ટ્રીય ભાવના દ્રઢ કરવા તથા માનવ-માનવ પ્રત્યે બંધુતા, સમતા વધારવા માનવ એકતાને સુદ્રઢ બનાવવા સચોટ માર્ગદર્શન આપતાં અજમેરના શ્રી પંડિત રામસ્વરૂપે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ઐક્ય માટે પાંચ સદ્‌ગુણો અનિવાર્ય છે. (૧) નિર્ભયતા (૨) નિર્વિકાર (૩) ન્યાય (૪) પવિત્રતા અને (૫) સંદરતા આ પાંચ સદ્‌ગુણો માનવની ઉન્નતિ કરે છે.






અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા જાણીતા કેળવણીકાર ડૉ. ઈશ્વરભાઈ ભરડા, આર્ય કન્યા ગુરુકુળના આચાર્યા ડૉ. રંજનબેન મજીઠીયા, ગજ્જર એન્જીનીયરીંગના શ્રી રમણીકભાઈ ગજ્જર, ગુજરાત ન્યુઝના પ્રણેતા શ્રી રાજભા જેઠવા વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા.

આર્યસમાજ, પોરબંદરના પ્રમુખ શ્રી એચ.કે. મોતીવરસ, જે.સી.આઈ. ઈન્ડિયાના ઝોન સેક્રેટરી શ્રી લાખણશી ગોરાણીયા, જે.સી.આઈ. પોરબંદર પ્લસના પ્રમુખશ્રી બિરાજ કોટેચા, અને આર્યસમાજ, પોરબંદરના મંત્રી શ્રી ધનજીભાઈ આર્યે સૌને આવકાર્યા હતા. શહેરની વિવિધ જ્ઞાતિ-ધર્મોના પ્રમુખો, અનુયાયીઓએ ઉપસ્થિત રહીને પોતાના વિચારો વ્યક્ત કરીને પોરબંદરની ભાવાત્મક એકતાની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

શિબિરના દ્વિતિય દિવસે પર્યાવરણ વિષય પરની શિબિરમાં જાણીતા વરિષ્ઠ પત્રકાર શ્રી ઘનશ્યામભાઈ મહેતાએ અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ક્લાઈમેટ ચેન્જના કારણે પરિવર્તન દેખાઈ રહ્યું છે. પર્યાવરણની અસરોને ખાળવા આપણે આપણી માનસિકતા અને લાઈફ સ્ટાઈલને બદલવી પડશે. આધુનિક જીવનશૈલી અને નવી ટેકનોલોજીઓ ખતરારૂપ સાબિત થઈ રહી છે. વિકાસની હોડમાં આજના આધુનિક યુગમાં સુખ-સુવિધાના સાધનો વધતા હોવા છતાં સમાજનું વાસ્તવિક જીવન કથળતું જાય છે. ત્યારે ઈકો ફ્રેન્ડલી વ્યવસાયો તરફ વળવું એ જરૂરી નહીં અનિવાર્ય છે.

અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા પોરબંદરના જાણીતા તબીબ ડૉ. સુરેશ ગાંધી, ડૉ. સુરેખાબેન શાહ, ગુજરાત ન્યુઝના ચીફ એડીટર શ્રી સંજયભાઈ વગેરેએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જળ,જમીન અન જંગલના રક્ષણ માટે કટિબદ્ધ થવા અપીલ કરી હતી. આ પ્રસંગે ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અનિલભાઈ કારીયા તથા પૂર્વ પ્રમુખ શ્રી પદુભાઈ રાયચુરાએ આવા જાગૃતિના કાર્યક્રમોને આવકારી શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમમાં કલરવ સાહિત્ય વર્તુળના પ્રમુખ શ્રી વજુભાઈ પુનાણી, ભાવનગરના જાણીતા કરિ શ્રી વિનોદ જોષી, ડૉ. પી.વી. ગોહિલ, શ્રી ઉમીયાશંકર જોષી, જગુભાઈ ગજ્જર, શ્રી વજુભાઈ પરમાર, વિવિધ જ્ઞાતિ-સંપ્રદાયનાવડાઓ સહિત શહેરના પ્રબુદ્ધ નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ચિંતન શિબિરને સફળ બનાવવા આર્યસમાજના પ્રમુખ શ્રી એચ. કે. મોતીવરસ તથા મંત્રી શ્રી ધનજીભાઈ આર્યના માર્ગદર્શન હેઠળ શ્રી કૃષ્ણકાંત પુરોહિત, ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ જુંગી, શ્રી કાન્તિલાલ જુંગી, કોષાધ્યક્ષ શ્રી દિલીપભાઈ જુંગી સહિત આર્યસમાજના ભાઈ-બહેનોએ સારી જહેમત ઉઠાવી આ શિબિરને સફળતા અપાવી હતી.

## આર્યસમાજ, જુનાગઢ દ્વારા યોજાયેલ સ્પેશ્યલ સમર કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન



જુનાગઢ

આર્યસમાજ, જુનાગઢના આર્યવીર દળના સંચાલક શ્રી દિપક આર્ય દ્વારા પરશુરામ ફાઉન્ડેશનમાં સમર કેમ્પમાં જોડાયેલા વિદ્યાર્થીઓને યોગ-આસન, કરાટે, નૈતિક શિક્ષા, ધ્યાન વગેરેનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. સમાજ તરફથી વિદ્યાર્થીઓને યોગ-આસન, ગાયત્રી મંત્ર વગેરે પુસ્તકો ભેંટ આપવામાં આવ્યા હતા. આ કેમ્પના સમાપન કાર્યક્રમમાં પરશુરામ ફાઉન્ડેશન દ્વારા શ્રી દિપક આર્યનું મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વેએ આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી તેમજ દર વેકેશનમાં આવા કેમ્પ યોજવાની માંગ કરી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે આર્યસમાજ, જુનાગઢ દ્વારા યોજાયેલા આ સ્પેશ્યલ સમર કેમ્પ બાદ સાપ્તાહિક આર્યવીર દળની શાખા શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ગત મે માસથી વિદ્યાર્થીઓને નેટ, સ્લેટ, તલાટી, પી.એસ.આઈ. વગેરે સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું માર્ગદર્શન તથા પ્રશિક્ષણ માટેના વર્ગો શરૂ કરવામાં આવેલ છે તેમ આર્યસમાજ, જુનાગઢના મંત્રી શ્રી કાંતિભાઈ કીકાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

**દયાનંદ ટાઈમ્સ**

**શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**

**: કાર્યાલય :**

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧. મો. -૯૪૨૮૪-૨૨૨૮૬

**આપ આપના કાર્યક્રમોની પ્રેસનોટ તથા ફોટોગ્રાફ ઈ-મેઈલથી પણ મોકલાવી શકો છો.........**

E-mail

dayanandtimes@gmail.com

agnipathgnr@gmail.com

અવેક્ષેત ગતીર્નૃણાં કર્મદોષસમુદ્ભવાઃ ।
નિરયે ચૈવ પતનં યાતનાશ્ચ યમક્ષયે ॥

मनुस्मृति ६१(३९)

કર્મોના દોષથી મનુષ્યોની થનારી કષ્ટયુક્ત બૂરી ગતિઓ અને કષ્ટને ભોગવવું તથા પ્રાણક્ષયમાં મૃત્યુ સમયે થનારી પીડાઓને વિચારવી અને તે ઉપર વિચાર કરીને મુક્તિ માટે પ્રયત્ન કરે.

તંત્રી સ્થાનેથી....

# એનજીઓના વિદેશી ફંડ પર પ્રતિબંધ યોગ્ય જ છે

દેશની આઝાદી બાદ મહદઅંશે આપણા દેશમાં કોંગ્રેસની સરકારોનું શાસન રહ્યું છે. કોંગ્રેસના શાસનમાં આપણા દેશમાં અનેક એનજીઓ સામાજીક સેવાના આશયથી સ્થપાઈ હતી. આ એનજીઓ દેશમાં વસતા આદિવાસીઓ, ગરીબ, અલ્પસંખ્યકોના સામાજીક ઉત્થાનમાં પોતાનું યોગદાન આપવા સરકારની વિવિધ યોજનાઓના અમલ માટેનું કામ કરી રહી છે તેમ અત્યાર સુધી આપણે સૌ માનતા આવ્યા છીએ. આ એનજીઓને વિદેશમાંથી પણ મોટા પ્રમાણમાં આર્થિક મદદ મળતી રહી છે. ગત લોકસભાની ઐતિહાસિક જીત બાદ શ્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની એનડીએ સરકારે દેશની લગભગ ૯૦૦૦ જેટલી એનજીઓને વિદેશથી આવતા તેમના ફંડ પર રોક લગાવી દીધી છે.

વિદેશી ફંડ ઉપર ચાલતી એનજીઓ દેશના વિકાસના કામોને અવરોધવાના વિદેશી એજન્ડાને દેશમાં લાગુ કરી રહ્યાનો ઘટસ્ફોટ ગુજરાત સરકારના ગુપ્તચર વિભાગ દ્વારા કરવામાં આવ્યા બાદ એનજીઓને તેમના છેલ્લા ત્રણ વર્ષના વિદેશી ફંડના હિસાબો આપવાની નોટીસ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી હતી. આ નોટીસનો નિયત સમયમાં જવાબ ન આપનાર લગભગ ૯૦૦૦ જેટલી એનજીઓને વિદેશથી મળતા ફંડ બંધ થઈ ગયા છે.

દેશના વિકાસમાં અવરોધ ઉભો થાય તે માટે વિદેશની સરકારો દ્વારા આપણા દેશમાં કાર્યરત એનજીઓને કરોડો-કરોડોનું ફંડ આપવામાં આવતું હતું. આમાં ફોર્ડ ફાઉન્ડેશન પણ સામેલ છે. આ ફોર્ડ ફાઉન્ડેશન એ અમેરિકામાં કાર્યરત છે તેના દ્વારા ભારતમાં જે એનજીઓ ફંડ મેળવતા હતા તેમની કામગીરી મહદઅંશે દેશના વિકાસના કામોમાં અડચણ ઉભી કરવાનું હતું. આ એનજીઓએ પોતાના હિસાબો સરકારને આપ્યા નથી. મોદી સરકાર દ્વારા તેમને વિદેશી ફંડ લાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે તે તદ્દન યોગ્ય છે.

# તેજસ્વિતાનો ગુણ સ્વરાષ્ટ્ર પ્રત્યે સમર્પિત થવાની પ્રેરણા આપે છે

**सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति ।**
**सा नो भूतस्य भव्यस्य पत्न्युरुं लोकं पृथिवी नः कृणोतु ॥**

- अथर्व.१२.१.१

શબ્દાર્થ : (**सत्यम्**) સત્ય (**बृहत्**) મહત્વાકાંક્ષા (**ऋतम्**) નિયમપાલન, ન્યાયયુક્ત વ્યવહાર (**उग्रम्**) ઉગ્રતા, તેજસ્વિતા (**दीक्षा**) દીક્ષા (**तपः**) તપસ્યા, તિતિક્ષા (**ब्रह्म**) બ્રહ્મચર્ય, આત્મજ્ઞાન (**यज्ञः**) યજ્ઞ (**पृथिवीम्**) પૃથિવીને (**धारयन्ति**) ધારણ કરે છે. (**सा**) તે (**भूतस्य**) અતીતની (**भव्यस्य**) ભાવિનું (**पत्नी**) પાલન કરનારી, રક્ષિકા (**पृथिवी**) પૃથિવી (**नः**) આપણા માટે (**उरुम्**) વિસ્તૃત (**लोकम्**) સ્થાન (**कृणोतु**) કરે.

વ્યાખ્યા : માતૃભૂમિની સ્વતંત્રતાને સ્થિર રાખવા માટે જે ગુણ અત્યન્ત આવશ્યક છે, જેના વિના રાષ્ટ્રનું સ્વાતંત્ર્ય સંકટમાં પડી શકે છે તેનો આ મંત્રમાં ઉલ્લેખ છે -

(૧) **सत्यम्** = અટલ સત્ય. જે લોકો સ્વદેશ પ્રત્યે સાચી ભાવનાથી વ્યવહાર કરી શકતા નથી, તેઓ સ્વદેશ સાથે દગો કરીને તેને અધોગતિની ખાઈમાં નાંખી દે છે. આથી સ્વરાજય-રક્ષકોએ સ્વદેશ પ્રત્યે નિષ્કપટ સત્યનો જ વ્યવહાર કરવો જોઈએ. વેદમાં એક જગ્યાએ કહ્યું છે

'**सत्येनोत्तभिता भूमिः**' (**अथर्व.१४/१/१**) - ભૂમિ સત્યના સહારે ટકેલ છે. વેદના આ નિર્દેશ પર ધ્યાન આપો અને પછી વેદની મહિમા હૃદયંગમ કરો. વેદે રાષ્ટ્ર-વ્યવહારમાં સત્ય પર સૌથી વધુ ભાર મૂકયો છે. વેદની દૃષ્ટિમાં સત્યનું સ્થાન સૌથી ઉંચુ છે. આપણા ધર્મશાસ્ત્રોમાં પણ સત્યને સૌથી મોટો ધર્મ માનવામાં આવ્યો છે. જેમકે મનુજી કહે છે - '**नास्ति सत्यात्परो धर्मः**' - સત્યથી ચઢિયાતો કોઈ ધર્મ નથી.

(૨) **बृहत्** = મહત્વાકાંક્ષા= મોટાપણું. જે લોકો દેશની સ્વતંત્રતા માટે યત્ન કરે છે, તેઓની સ્વરાષ્ટ્ર પ્રત્યે ક્ષુદ્ર ભાવ હોય, આંકાક્ષાઓ તુચ્છ હોય, આશાઓ નિકૃષ્ટ હોય, તો તેઓમાં સ્વતંત્રતા માટે વાસ્તવિક પ્રેમ આવી જ ન શકે. તેઓ સ્વતંત્રતા માટે કોઈપણ પ્રકારનો ત્યાગ કરી ન શકે. આથી સ્વદેશની સ્વાતંત્ર્યતા ઈચ્છનારાઓના ભાવ ઉચ્ચ હોવા જોઈએ અને તેઓમાં મહાન બનવાની સ્વાભાવિક ઉમંગ હોવી જોઈએ.

(૩) **ऋतम्** = ન્યાયયુક્ત વ્યવહાર કે નિયમપાલન. સ્વતંત્રતા માટે ઉદ્વિગ્ન થયેલ જનતા એક તરફ વિદેશી શાસકો દ્વારા રચાયેલ શોષક-વિધાનોની વિરુદ્ધ અવાજ ઉઠાવે છે, તો બીજી તરફ તે ઉતાવળા થઈને પોતાના જ બનાવેલ નિયમોને પગ પળે રગડોળી નાંખે છે. પરિણામ એ આવે છે કે બધે અરાજકતા ફેલાઈ જાય છે. આ અરાજકતાના સમયે ઉન્મત્ત થયેલ પ્રજા ન્યાય, અન્યાય, ઉચિત, અનુચિત, ધર્મ, અધર્મ કશું જ વિચારતી નથી. તેનું ફળ અત્યન્ત અનિષ્ટ આવે છે. અત્યન્ત પરિશ્રમ તથા તિતિક્ષાથી પ્રાપ્ત સ્વતંત્રતા તે સમયે ડામાડોળ દશામાં દેખાઈ આવે છે. આથી આવી પરિસ્થિતિથી બચવા માટે ઋતનું આચરણ નિતાન્ત આવશ્યક છે. વેદ તો છે જ ઋતનો પ્રચારક. વેદ કહે છે - **ऋतस्य देवा अनु व्रता गुः**' (**ऋ१/६४/२**) દૈવી શક્તિઓ ઋતના વ્રતને અનુકૂળ ચાલે છે. '**ऋताय पृथ्वी बहुले गभीरे**' (**ऋ४/२३/१०**) - આ વિશાળ દ્યૌ અને પૃથિવી ઋત માટે છે, અર્થાત્ ઋતના નિયમોમાં ચાલી રહી છે.

(૪) **उग्रम्** = ઉગ્રતા = તેજસ્વિતા. સ્વાતંત્ર્ય સંગ્રામમાં કોઈકવાર એવા પણ કાર્ય કરવા પડે છે જે સાધારણ સ્થિતિમાં કદાચ કોઈને પણ પસંદ ન હોય. આવા સમયમાં ગભરું અને કાયરજનો ધૈર્ય છોડી દે છે. તેઓને વ્યામોહ=વિશેષ મોહ ઘેરી લે છે, ફળસ્વરુપે જીત

## ..વેદવાણી

- સ્વામી વેદાનંદ 'તીર્થ'

હારમાં પરિણત થવા લાગે છે. પ્રત્યેક વાતનો પોતાનો સમય હોય છે, તે સમય છે તેજસ્વિતાનો. આથી આવા સમયે તેજસ્વિતા=ઉગ્રતા અપનાવવી જોઈએ. તેજસ્વિતા ગુણ સ્વરાષ્ટ્ર પ્રત્યે સમર્પિત થવાની પ્રેરણા આપે છે.

(૫) **दीक्षा** = દૃઢ સંકલ્પ. એક મનુષ્ય સત્યપ્રેમી પણ છે, મહત્વાભિલાષી પણ છે, ઋતનું અનુસરણ કરવા પણ તત્પર છે, તેજસ્વી પણ છે, પરંતુ તેના સંકલ્પમાં કલ્પ નથી, બળ નથી, તો આવો મનુષ્ય કોઈ કામ માટે દૃઢ સંકલ્પ કરી શકતો નથી. તે આ બધા ગુણોથી સંપન્ન હોવા છતાં પણ પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવામાં સફળ થઈ શકતો નથી. આથી ઉપર કહેવામાં આવેલ ગુણોની સાથોસાથ પોતાના કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સંકલ્પનું દૃઢ હોવું આવશ્યક છે. વેદમાં દીક્ષાનું ખૂબ મહત્વ માનવામાં આવ્યું છે - '**भद्रमिच्छन्त ऋषयः स्वर्विदस्तपो दीक्षामुपनिषेदुरग्ने**' આનંદપ્રાપ્તિનું રહસ્ય જાણનારા જ્ઞાનીજનો કલ્યાણની કામના કરતા પહેલા તપ અને દીક્ષાનું સેવન કરે છે.

(૬) **तपः**= તપસ્યા= તિતિક્ષા. કાર્યસિદ્ધિ પ્રાપ્ત થયા પહેલાં અનેક પ્રકારના વિઘ્નો આવે છે. કેટલીયવાર સ્પષ્ટ અસફળતા સામે મોં ખોલીને ઉભેલી જણાય છે. કહેવત છે - '**श्रेयांसि बहुविघ्नानि**'- સારા કાર્યોમાં અનેક વિઘ્નો આવતા હોય છે. તે વિઘ્નોને, ભૂખ-તરસ, ઠંડી-ગરમી, સુખ-દુ:ખ આદિની પરવાહ કર્યા વિના લક્ષ્યની સિદ્ધિ માટે સર્વકંઈ સહન કરવું પડે તેને તપ કહેવાય છે.

(૭) **ब्रह्म** = બ્રહ્મચર્ય તથા આત્મજ્ઞાન. સ્વતંત્રતા પ્રાપ્તિના

## ગુણોની સાથોસાથ પોતાના કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સંકલ્પનું દૃઢ હોવું આવશ્યક છે.

અભિલાષીએ આનું વિશેષરુપે પાલન કરવું જોઈએ. સ્વતંત્રતા-અપહારક લોકો પાસે સ્વતંત્રતા-અભિલાષીઓને પતિત કરવા માટે અનેક સાધનો હોય છે. મનુષ્યમાં ઘણી દુર્બળતાઓ હોય છે, પરંતુ બ્રહ્મચર્યની દુર્બળતા અતિભયંકર છે. મોટા-મોટા વીરો આ પ્રલોભનમાં ફસાઈ જાય છે. પુરુષને પતિત કરવા માટે સ્ત્રી અને સ્ત્રીને પતિત કરવા માટે પુરુષ અમોઘ હથિયાર માનવામાં આવે છે. આથી જ તો યમે નચિકેતાની પરીક્ષા લેવાની ભાવનાથી કહ્યું હતું - '**इमा रामाः सरथाः सतूर्याः**' ધન, ઐશ્વર્ય તથા રથોની સાથે આ સ્ત્રિયો પણ લઈ લે. વેદ કહે છે, રાષ્ટ્રરક્ષકે આ વિષયમાં અત્યન્ત સાવધાન રહેવું જોઈએ. બ્રહ્મચર્ય-પાલન રાજા માટે પણ આવશ્યક કર્તવ્ય છે. જેમકે - '**ब्रह्मचर्य्येण तपसा राजा राष्टं वि रक्षति**' (अथर्व.११/५/१७) = બ્રહ્મચર્યરુપી તપથી રાજા રાષ્ટ્રની વિશેષ રક્ષા કરે છે. રાષ્ટ્ર-સંવર્ધક લોકો આસ્તિક હોવા જોઈએ. નાસ્તિક લંપટ, પ્રથમ તો સફળતા જ પ્રાપ્ત કરી શકતા નથી. જો સફળ પણ થઈ જાય તો તેની સફળતા ચિરસ્થાયી રહેતી નથી. આસ્તિકતા અને સદાચારથી આત્મજ્ઞાન=પોતાની શક્તિનું ભાન થાય છે. કાર્યસિદ્ધિ અર્થે અપેક્ષિત શક્તિ તથા સાધનોનું જ્ઞાન અવશ્ય હોવુ જોઈએ. જે પોતાના બળ-સામર્થ્યનું પ્રમાણ જાણ્યા વિના કોઈ ગુરૂત્તર કાર્યમાં પ્રવૃત્ત થાય છે, તે બહુધા અસફળ રહે છે, તેના મનોરથ મનોરથ જ રહી જાય છે. આથી બ્રહ્મ=પોતાની શક્તિનું જ્ઞાન પણ રાષ્ટ્રરક્ષા માટે અત્યન્ત પ્રયોજનીય છે.

(૮) **यज्ञ** = દાન, સંગતિકરણ તથા દેવપૂજા. દેશહિતૈષી, કલા-કોવિદ મહાપુરુષો સાથે હમેશા મેળાપ રાખવાથી દેશહિતના નવા નવા ભાવ તથા ઉત્તમોત્તમ પ્રોત્સાહનો મળતા રહે છે. જે દેશમાં દેવપૂજા અર્થાત્ વિદ્વાનોનો સત્કાર થતો નથી, ત્યાં સદાય દુ:ખ-દરિદ્રતા બની રહે છે. યથોચિત વિદ્વાનોનો આદર ન થવાને કારણે તેઓ અન્ય દેશોમાં ચાલ્યા જાય છે અથવા વિદ્યા-વ્યવસાય છોડીને કોઈ અન્ય વ્યાપાર-વ્યવહારમાં લાગી જાય છે. યજ્ઞ શબ્દ ખૂબ વ્યાપક અર્થોનો સૂચક છે.

સ્વાર્થત્યાગ, પીડિતો= દુ:ખીઓનું દુ:ખ દૂર કરવું, યોગ્ય પદાર્થોનો યોગ્ય સ્થાનમાં ઉપયોગ કરવો, પરહિતચિંતન, રાષ્ટ્રહિત માટે અખિલ સામગ્રીનું સંચયન આદિ લોકોપકારક કાર્ય યજ્ઞ શબ્દમાં સંનિવિષ્ટ છે. યજુર્વેદના અઢારમાં અધ્યાયના પ્રથમ ૨૮ મંત્રોમાં મનુષ્ય-જીવનોપયોગી બધા પદાર્થોની ગણના કરવામાં આવી છે અને પ્રત્યેક મંત્રના અંતમાં કહ્યું છે - '**यज्ञेन कल्पन्ताम्**' - આ બધું યજ્ઞથી સમર્થ બને. અર્થાત યજ્ઞ આનો ધારક છે.

સંસારનો ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરી રહ્યો છે કે સ્વતંત્રતા પ્રાપ્ત કરવા તથા તેને બચાવી રાખવા માટે આ ગુણોની હમેશા આવશ્યકતા રહે છે. આ ગુણો અનુપમ સત્યનું નિરુપણ કરે છે. માતૃભૂમિ આપણા અતીત ગૌરવની સાક્ષી છે, આપણ ભવિષ્યની આશાઓ આમાં જ નિહિત છે. અતીત-ગૌરવની ગાથા કયા પ્રકારે અમાં નિહિત છે, વેદના શબ્દોમાં સાંભળો -

**यस्यां पूर्वे पूर्वजना विचक्रिरे यस्यां देवा असुरानभ्यवर्त्तयन् ।**

- अथर्व.१२/१/५

જેમાં આપણા પુરાતન વડવાઓએ વિવિધ પરાક્રમો કર્યા અને જેમાં દેવોએ અસુરોને હરાવ્યા. પોતાના પૂર્વજનોના ઈતિહાસની ગૌરવગાથાની સ્મૃતિ મનુષ્યમાં અભૂતપૂર્વ ઉત્સાહ ઉત્પન્ન કરી દે છે.

જે રાષ્ટ્રમાં ઉપર્યુક્ત ગુણ છે તે રાષ્ટ્રની પ્રજાઓમાં સ્વદેશ તથા પરદેશમાં સ્થાનાદિની કશે પણ તંગી પડતી નથી. પરાધીન દેશની પ્રજાને તો સ્વદેશમાં જ અન્ન અને સ્થાન મળતું નથી, તો પરદેશની વાત જ શું કરવી ! (સંપૂર્ણ)

# ઘરેલું ઔષધ : આદુ

"ભોજનાગ્રે સદા પથ્યં, અદ્રકં લવણ મિશ્રિતં" અર્થાત ભોજન પહેલા સદાય આદુ ઉપર જરા મીઠું ભભરાવીને ખાવું સદાય હિતકર્તા છે. કારણ કે તેથી ભુખ ઉઘડે છે. અને ખોરાકનું બરાબર પાચન થાય છે.

ઉત્તમ ઘરગથ્થુ ઔષધ ગણાતાં આદુને સંસ્કૃતિમાં આદ્રક, શૃંગવેર, કટુભદ્ર તથા અદ્રિકા કહે છે.

ગુણધર્મ : આધુનિક વિજ્ઞાન દ્રષ્ટિએ આદુમાંથી ૬૭ યુનીટ કેલેરી, ૨.૩ ગ્રામ પ્રોટીન, ૦.૯ ગ્રામ ચરબી, કાર્બોહાઈડ્રેડ ૧૨.૩ ગ્રામ, ૧૧.૦ ગ્રામ કેલ્શીયમ, આર્યન ૨.૬ ગ્રામ, વિટામીન - એ ૪૦ આઈ.યુ તેમજ ૬ મિ. ગ્રામ વિટામીન સી. મળે છે. ગુણધર્મ ની દૃષ્ટિએ આદુ જીભ ઉપર તમતમાટી કરે તેવું તીખું મધુર, તીક્ષ્ણ અને જઠરાગ્નિને વધારનાર છે. આદુ એ વધારે લાળ પેદા કરે છે. અને તેના સેવનથી હોજરીમાં પાચક રસોનો સ્ત્રાવ વધે છે. તેથી અરુચિ અને મંદગ્નિમાં આદુના સેવન ઉપર આર્યુવેદે ખાસ ભાર મુકયો છે.

આદુનું શરબત : રેસા વગરના આદાની મોટી ગાંઠો ૭૦૦ ગ્રામ તથા ખાંડ ૫૦૦ ગ્રામ આદાનો રસ કાઢી લો. પછી રસ જેટલું પાણી નાખીને ખાંડમાં મિશ્ર કરી, ૧ાા તારી ચાસણી બનાવી, શરબત બનાવી લો. તેમાં એલચી, જાયફળ, જવંત્રી તથા લવિંગનું ચૂર્ણ ૫ ગ્રામ મેળવી શીશો ભરી લો. આ શરબત પિત્ત, રક્તપિત્ત, ખાંસી, શ્વાસ, અરુચિ તથા મંદાગ્નિ પર ખૂબ લાભદાયી છે.

આદુનું ચાટણ : ૫૦૦ ગ્રામ સારૂં આદુ, ૩૦૦ ગ્રામ ઘી (ચોખ્ખું), ૧ કિલો ગોળ લો. પ્રથમ આદાને છોલી, તેને ધોઈને બારીક કતરી લો. પછી તેને કડાઈમાં નાખેલા ઘીમાં નાખી, આદુ ગુલાબી થાય તેટલું ધીમે તાપે શેકી લો. પછી ગોળની ચાસણી બનાવી, તેમાં શેકેલું આદુ નાખી ચાટણ તૈયાર કરી લો. પાચનતંત્રની ખામી, અરુચિ, ઉદર રોગો તથા પ્રસુતા સ્ત્રીઓ માટે આ ચાટણ રોજ ૧-૧ ચમચી ચાટવું લાભપ્રદ છે.

**ચેતવણી :** સામાન્ય રીતે આદુ થી ઘરગથ્થુ ઈલાજ અને અનેક રોગોમાં ગુણકારી ઔષધી છે. પરંતુ તે ગુણમાં ગરમ હોવાથી ગરમીના દર્દો, પિત્ત અને લોહિ વિકારના દર્દોમાં ગરમીની ઋતુમાં સેવન કરવું હિતકર નથી. તેનું સેવન સમજપૂર્વક કરવું જોઈએ ગ્રીષ્મ અને શરદઋતુમાં તેમજ દાહ, ગરમી - તાવ, સુકીખાંસી કોઢ, પાંડુ, મૂત્ર કચ્છ, રકતપિત્ત, વ્રણ (જખમ) હાઈ બ્લડ પ્રેશર, હોજરીનું ચાંદુ, તથા આમ્લપિત્તના દર્દમાં આદુનું સેવન હિતાવહ નથી. તેજ રીતે રકતસ્ત્રાવ થયો હોય ત્યારે પણ તેનો ઉપયોગ હિતાવહ નથી.

# प्रभुवर हमारा सच्चा बन्धु है केवल इतना ही नहीं वह हमारे साथ स्नेहवश बन्धा हुआ भी है

**सं नो बन्धुर्जनिता स विधाता ।**

० ३२.१०

**अन्वयार्थ :-** (**सः नः बन्धुः**) वह हमारा बन्धु है, (**जनिता**) वह हमारा उत्पादक है, (**सः विधाता**) वह हमारा विधाता है ।

**व्याख्या :-** हम उस प्रभु को क्यों उसके समीपस्थ महापुरुषों के सहयोग से जानें और क्यों उस का आश्रय लेवे, क्यों उसकी शरण में जाऐं ? इसलिये कि -

(**सः नः बन्धुः**) वह हमारा बन्धु है । यों बन्धु तो यह हमारा मां जाया भाई भी है और वह हमें हृदय से स्नेह भी देता है, लाड भी देता है, सलाह-मशवरा भी देता है, सहानुभूतिभी देता है, सान्त्वना भी देता है, सहायता भी देता है, सहयोग भी देता है, फिर यह सब कुछ यह तन-मन-धन से देता है । परन्तु फिर भी जैसा हमारा वह बन्धु है, वैसा कोई दूसरा हो ही नहीं सकता । क्योंकि

## वैदिक रश्मि

८ आचार्य रामप्रसाद वेदालंकार

जैसे वह हमें स्नेह देता है, जैसे वह हमे लाड देता है, जैसे वह हमें प्यार देता है, जैसी वह हमें सलाह देता है, जैसी वह हमें सहानुभूति देता हे, जैसी वह हमें सान्त्वना देता है, जैसी वह हमें सहायता देता है, जैसा वह हमें सहयोग देता है, ऐसा संसार में कोई दे ही नहीं सकता और फिर जितना यह सब कुछ वह हमें दे सकता है, ईतना तो कोई और हमें दे ही नहीं शकता । क्योंकि इस संसार के जितने भी बन्धु है, उन सब के स्नेह-लाड और प्यार में सलाह, सहानुभूति, सहायता और सहयोग में वह उंचाई नहीं, वह निःस्वार्थता नहीं, वह सरलता नहीं, वह निश्छलता नहीं, वह स्वाभाविकता नहीं जो कि उस प्यारे और सब जग से न्यारे उस परम बन्धु परमात्मा के स्नेह सहयोग आदि में हैं ।

हम इस संसार में यहां देखते है कि जहां बन्धु-भाई के स्वार्थ को कहीं आंच आती है, इसकी इच्छा-अभिलाषा की जहां जरा अवहेलना होती है, इसके मान-सन्मान में किञ्चद् अन्तर आता है, इसकी सेवा शुश्रूषा में कुछ न्युनता आती है, समय पर इसकी सहायता या इसके सहयोग मे कुछ फर्क पडता है, तो वहां यह बन्धु फिर बन्धु नहीं रहता, अर्थात यह बन्धु अपने इस बन्धु को फिर देखना नहीं चाहता, यह बन्धु अपने इस बन्धु से फिर बात नहीं करना चाहता, यह बन्धु अपने इस बन्धु से पास फिर बैठना नहीं चाहता, यह बन्धु अपने इस बन्धु को फिर स्नेह-लाड और प्यार नहीं देना चाहता, यह भाई अपने इस भाई के प्रति फिर सहानुभूति नहीं रखना चाहता, यह भाई अपने भाई को फिर सान्त्वना नहीं देना चाहता, यह भाई अपने भाई की फिर सहायता नहीं करना चाहता, यह भी अपने भाई को फिर किञ्चित भी सहयोग नहीं देना चाहता । परन्तु वह प्यारा और सब जग से न्यारा बन्धु ऐसा नहीं है । वह तो सर्वथा इछ बन्धुओं से विलक्षण रहता है । वह तो इन सामान्य स्वार्थो से ही नहीं वरन् सर्वविध स्वार्थों से सर्वदा सर्वथा उपर ही उठा रहता है । वह जैसा भी जितना भी हमें स्नेह देता है, लाड देता है, प्यार देता है, सुझाव देता है, सन्मार्ग के लिये सत्प्रेरणा देता है, सहानुभूति-सहयोग देता है, धन-धान्य देता है, सुख-सौभाग्य देता है, उसके पीछे उसका तनिक भी तो स्वार्थ नहीं होता । इस विषय में वह इतना विलक्षण है, इतना अद्‌भूत है, इतना निराला है, इतना आला (उत्तम) है कि हृदय उसको अनुभव तो कुछ कर पा रहा है और इस अनुभव से कुछ दिव्य तृप्ति-सी भी अनुभव कर गद्‌गद् हो पा रहा है पर फिर भी उसको वाणी शब्दो में कुछ अभिव्यक्त नहीं कर पा रही है, लेखनी शब्दों में स्पष्टरुप से लिख नहीं पा रही है ।

वह प्रभुवर हमारा सच्चा-सुच्चा बन्धु केवल इतना ही नहीं कि वह हमारे साथ स्नेहवश बन्धा हुआ हो वरन् वह तो हमार (जनिता) जनक भी है, उत्पादक भी है, जननी भी है, जनक भी है, माता भी है, पिता भी है ।

अब इस संसार को जो जिस का जनक होता है, उत्पादक होता है, उत्पन्न करने वाल होता है, माता-पिता के रुप में होता है, उसका उस अपने उत्पन्न किये हुए बालक के साथ कितना स्नेह होता है, कितना लाड होता है, कितना प्यार होता है, कितना लगाव होता, उसके निर्माण में उसका कितना हाथ होता है, उसके पालन-पोषण में, उसकी शिक्षा-दिक्षा में उसका कितना योगदान होता है । अब यदि इस संसार के अस्थायी जननी जनक, माता-पिता का यह सब होता है तो फिर उस (जनिता) स्थायी सच्चे उत्पादक-सच्चे जननी-जनक के रुप में विद्यमान प्यारे प्रभु का तो स्नेह कितना विलक्षण होगा, लाड कितना अद्भुत होगा, प्यार कितना निराला होगा, लगाव कितना विचित्र होगा, निर्माण कितना अद्वितिय होगा, उसकी सीख वा शिक्षा-दिक्षा कितनी निर्मल होगी, सान्त्वना कितनी स्वच्छ होगी, सहायता कितनी स्तुत्य होगी, सहयोग कितना दिव्य होगा, पालन-पोषण कितना भव्य होगा, यह आप स्वयं समझ सकते है । और अगर नहीं समझ सकते तो जाकर उन सत्पुरुषों से, उन सच्चे साधकों से, उन ज्ञानी तपस्वी संन्यासी ऋषि महर्षियों से जिज्ञासु भाव से पूछ सकते है कि वह बन्धु कैसा है, वह जनिता-उत्पादक कैसा है, उसका स्नेह कैसा है, उसका प्यार कैसा है, उस का लाड कैसा है, उस का सहयोग कैसा है, उस का पालन-पोषण कैसा है... ? इत्यादी ।

अपने इन्हीं विलक्षण स्नेह सहयोगों के कारण-अपने इन्हीं सदंभूत लाड-प्यारों के कारण-अपनी इन्हीं अनुपम शिक्षा-दिक्षाओं को प्रदान करने के कारण, अपनी प्यारी और सब जग से न्यारी सत्प्रेरणाओं के कारण अपने इन विशेष निःस्वार्थ सहज अद्वितीय पालन-पोषण के कारण, अपने इन उत्तम धारण-पोषण के कारण से ही तो वह हमारा बन्धु और जनिता ही नहीं, धाता-धारणकर्ता ही नहीं वरन् 'विधाता' भी कहलाता है ।

उसके विधाता होने में एक और भी बडा रहस्य है, वह यह है कि वह जहां संसार में हमें नानाविध पदार्थ-खाद्य पेय-चूष्य अवलेह आदि प्रदान कर हमारे शरीर को पुष्ट करता रहता है, जहां वेदो के माध्यम से और अपनी सत्प्रेरणाओं के माध्यम से वह हमें अनुपम ज्ञान-अद्वितिय विचार प्रदान कर हमें उपर उठाता और आगे बढाता रहता है, हमारे मन को सुमन-शान्तमन, बुद्धि को सुबुद्धि बनाने का और हमारी आत्मा को सबल-सशक्त बनाने का सहज प्रयास करता है, तथा इस सब कुछ करने में वह कभी भीं जहां थकता नहीं, हारता नहीं, निराश नहीं होता, हताश नहीं होता, वहां हमारे उसकी आज्ञाओं पर उसकी प्रेरणाओं पर समर्पित होकर आचार करने पर फिर वह हम पर प्रसन्न हुआ-हुआ हमें भीतर से विलक्षण तृप्ति अर्थात अनुपम आनन्द भी प्रदान करता है, जिससे हमारे इस स्वस्थ शरीर में-स्वस्थ-शान्त मन के साथ-साथ आत्मा भी प्रभु का अद्‌भूत प्यार और आशिर्वाद पाकर निहाल हो जाता है - पुष्ट-परिपुष्ट हो जाता है, यह सब कुछ वह जगत् का सामान्य धाता-धारण करने वाला बन्धु, जनिता-जनक और धाता-धारण करता हुआ पिता नहीं कर सकता । इसलिये वह हमारा सच्चा बन्धु है, सच्चा जनिता-पिता है, और अद्‌भूत धाता अर्थात विधाता है ।

(क्रमशः)

# ઈન્દ્રિય અગોચર સૂક્ષ્મ વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની વિદ્યા એટલે જ દર્શનવિદ્યા

સૌપ્રથમ 'દર્શન' શબ્દનો અર્થ શું છે તે આપણે જાણવું જોઈએ. દાર્શનિક વિદ્વાનોએ 'દર્શન' શબ્દની વ્યાખ્યા નીચે જણાવ્યા મુજબ કરેલ છે.

**"दृश्यन्ते ज्ञायन्ते याथातथ्यत आत्मपरमात्मनो बुद्धीन्द्रियादयोऽतीन्दियाः सूक्ष्मविषयाः येन तद् दर्शनम् ।"**

એટલે કે જેનાથી આત્મા, પરમાત્મા, મન, બુદ્ધિ, ઈન્દ્રિયો વગેરે સૂક્ષ્મ વિષયો પ્રત્યક્ષ થાય છે = તેમનું જ્ઞાન થાય છે તેને 'દર્શન' કહે છે.

સ્થાયી સુખ અને શાંતિની પ્રાપ્તિ માટે આજના મનુષ્યે અત્યંત પુરૂષાર્થ કરેલ છે અને કરી રહ્યો છે.એણે સંપૂર્ણ પૃથ્વીના સ્વરૂપને જ બદલી નાંખેલ છે. પહાડોને મેદાનોમાં ફેરવી નાંખ્યા, નદીઓના પ્રવાહો વાળી દીધાં, તેના પર મોટા મોટા બંધો બાંધીને નહેરોની જાળ બિછાવી દીધી, ભૂમિના ગર્ભમાંથી હજારો પ્રકારના ખનીજ પદાર્થો કાઢી રહેલ છે, સડકો, વાહનો, સંચાર-સાધનો, રોકેટ તથા વિભન્ન પ્રકારના ટેકનિકલ યંત્રો, ઈલેક્ટ્રોનિક્સ, સિન્થેટિક્સ-સાધનોની શોધ કરીને મનુષ્યે ભોગ સામગ્રીનો ખડકલો કરી દીધો છે. આ સઘળાં કાર્યોનું એક જ લક્ષ્ય છે કે મનુષ્યનું જીવન સુખી થાય, શાંત થાય, નિર્ભય થાય. પરંતુ ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરીએ તો આપણને માલૂમ પડે છે કે આટલું બધું કરવા છતાં પણ આ મનુષ્યનું જીવન પહેલાંની સરખામણીમાં વધુને વધુ અશાંત, ભયભીત તથા દુઃખી બની ગયેલ છે.

આમ શા કારણે થયું, આની પાછળ કઈ ભૂલ થઈ તે આપણે જાણવું જોઈએ. મનુષ્યે અજ્ઞાનથી એમ માની લીધું છે કે "વધુ ને વધુ પ્રાકૃતિક ભોગ સામગ્રી પ્રાપ્ત કરી લેવાથી મારાં તમામ રોગ, દુઃખ, ભય સમાપ્ત થઈ જશે". તેણે પોતાના જીવનનું પરમ લક્ષ્ય માત્ર વિત્ત (=ધન+ભોગસામગ્રી)ને બનાવી દીધેલ છે. પ્રાચીન ઋષિઓએ પૂર્ણ તથા સ્થાયી સુખ-શાંતિ પ્રદાન કરનાર જે અધ્યાત્મવિદ્યાઓનો ઉપદેશ કરેલ હતો, તે વિદ્યાઓને મનુષ્ય બિલકુલ ભૂલી ગયો છે. જીવનમાંથી ઈશ્વર, ધર્મ, સાદગી, સંયમ, તપસ્યાને બિલકુલ કાઢી નાંખેલ છે અને દિનચર્યા ધ્યાન, સ્વાધ્યાય, સત્સંગ, યજ્ઞ, સેવા-પરોપકારથી રહિત, ભોગપરાયણ બનાવી દીધી છે.

જો કે પહેલાંની સરખામણીમાં આજના મનુષ્યની પાસે ભૌતિક ધનસંપત્તિ અને ભોગ્ય સામગ્રી કેટલીય વધુ થઈ ગયેલ છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ મનુષ્ય દરિદ્ર, ભીરુ, ઈન્દ્રિયદાસ, દીન-હીન તથા પશુવત્ બની ગયેલ છે. મનુષ્યોમાં પરસ્પર પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ, પરોપકારની ભાવના નષ્ટપ્રાય થઈ ગયેલ છે. હજારો વર્ષ પહેલાં આપણા તત્વવેત્તા, મહાવૈજ્ઞાનિક, આપ્ત, દાર્શનિક ઋષિઓએ પૂર્ણપણે સ્થાયી અને સુખની પ્રાપ્તિના વિષયમાં પોતાના મહત્વપૂર્ણ નિર્ણયો આપ્યા છે. આ સંબંધમાં કપિલજીએ કહ્યું છે न दृष्टात् तत् सिद्धिर्निवृत्तेरप्यनुवृत्तिदर्शनात्। (सांख्य दर्शन १/२) અર્થાત્ પ્રાકૃતિક દૃષ્ટ સાધનો-ધન, સંપત્તિ, ભૂમિ, ભવન, સ્ત્રી, નોકર, ચાકર, વાહન વગેરેથી સંપૂર્ણ દુઃખોનો નાશ સંભવ નથી આજ સિદ્ધાંતને મહર્ષિ યાજ્ઞવલ્કયજીએ નીચે દર્શાવેલ શબ્દોમાં કહેલ છે.

**अमृतत्त्वस्य तु नाशास्ति वित्तेन इति । ( बृ. उ.३/३/२ )** અર્થાત્ કેવળ ધનસંપત્તિથી પરમ સુખ = મોક્ષ પ્રાપ્તિની આશા કરી શકાતી નથી. બ્રહ્મચારી નચિકેતાએ પણ અનુભવના આધારે કહ્યું.

न वित्तेन तर्पणीयो मनुष्यः । (कठोपनिषद् १/१/२७) અર્થાત્ ધન આદિ વિષય ભોગોથી મનુષ્ય કદાપિ તૃપ્ત થઈ શકતો નથી. ભોજનથી ભૂખ મટી શકે, નગ્નતા નહીં. વસ્ત્રથી નગ્નતા નિવારી શકાય પરંતુ ચોર-ડાકુઓથી રક્ષા થઈ શકતી નથી. તેને માટે મકાનની આવશ્યકતા રહે છે. આવી જ રીતે સ્ત્રી, નોકર, વાહન વગેરે સઘળાં ભૌતિક પદાર્થો કોઈ એક પ્રકારની આવશ્યકતાની પૂર્તિ કરે છે, પરંતુ ધનથી પ્રાપ્ત આ બધાં ભૌતિક સાધનો મળીને પણ "આત્માની ભૂખ-તરસ"ને મિટાવી શકતાં નથી. તેને માટે તો દર્શનોમાં પ્રતિપાદિત આધ્યાત્મિક સાધનાનો માર્ગ જ અપનાવવો પડે છે. "સમસ્ત સમસ્યાઓનું સમાધાન એક બ્રહ્મને જાણી લેવાથી જ સંભવ છે." આ સિદ્ધાંત અનુસાર જ મહર્ષિ વ્યાસજીએ પોતાના ગ્રંથ વેદાંત દર્શનનું પ્રથમ સૂત્ર **अथातो ब्रह्मजिज्ञासा । १/१/१** બનાવ્યું.

મનુષ્યે ચાહે કેટલીય ભાષાઓ, વિદ્યાઓ, કળાઓ શીખી લીધી હોય, કેટલીય પદવીઓ (=ડિગ્રીઓ) યશ-પ્રતિષ્ઠા, ધન-ઐશ્વર્ય કેમ પ્રાપ્ત કરી લીધાં ન હોય, જીવન પથ પર રોગ, અભાવ, વિશ્વાસઘાત, હાનિ, વિયોગ, અપમાન, અન્યાયથી સંબંધિત દુઃખો આવી જ જાય છે. તમામ આશાઓ અને કલ્પનાઓ નષ્ટ થઈ જાય છે. બધું જ અંધકારમય જણાય છે. ઘટનાઓથી સંબંધિત વિચારો પણ નિયંત્રણ ન રાખી શકવાના કારણે મનુષ્ય અત્યંત ક્ષુબ્ધ અથવા પાગલ સમાન થઈ જાય છે. કોઈપણ સમાધાન પ્રાપ્ત ન કરી શકવાના કારણે ઉત્પન્ન થયેલ મહાદુઃખથી બચવા માટે તે કૂવામાં પડીને, ઝેર ખાઈને, કેરોસીન છાંટીને (સળગી જઈ), ગાડીની નીચે આવી જઈ, ફાંસો ખાઈ અથવા અન્ય કોઈક પ્રકારે જીવનને જ સમાપ્ત કરી દે છે. અથવા ક્રોધને વશીભૂત થઈને બીજાઓનું અનિષ્ટ કરી દે છે, પછી ભલે તે પરિણામસ્વરૂપે જીવનભર પશ્ચાતાપની અગ્નિમાં શા માટે બળવું ન પડે અથવા બંધનનું જીવન શું કામ વીતાવવું ન પડે.

આવી અવસ્થામાં જો વ્યક્તિ પોતાના મનમાં ઊઠવાવાળા આ પ્રતિકૂળ વિચારોને રોકવામાં સમર્થ થઈ જાય અથવા આ વિચારોથી પ્રભાવિત ન થાય અથવા આ સમસ્યાઓનું યથાયોગ્ય સમાધાન કરી લે, તો તે ઉપરોક્ત બધા અનર્થોથી બચી શકે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા વગેરે માનસિક રોગો છે, તેનું સમાધાન ધનસંપત્તિથી કદાપિ ના થઈ શકે. આ બધા રોગોનું સમાધાન તો આત્મા-પરમાત્મા સંબંધી અધ્યાત્મ વિદ્યા ભણી-સમજીને અને વ્યવહારમાં લાવવાથી જ સંભવ છે. મનુષ્યોના કલ્યાણ માટે આ આધ્યાત્મ વિદ્યાઓનું વર્ણન આપણા પૂજ્ય ઋષિઓએ પોતાના દર્શનોમાં વિસ્તારથી કરેલ છે.

સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરવામાં આવે તો ખબર પડે છે કે દર્શનોમાં વર્ણિત આત્મા પરમાત્માના યથાર્થ સ્વરૂપ (= તેઓના ગુણ, કર્મ, સ્વભાવ)નું જ્ઞાન ન હોવાના કારણે જ સંપૂર્ણ માનવ સમાજમાં આજે હિંસા, જૂઠ, છલ, કપટ, ચોરી, જારી તથા અન્ય નૈતિક દોષો ઉત્પન્ન થઈ ગયા છે. જો મનુષ્ય-શરીર, મન, ઈન્દ્રિયની પછવાડે તે સૌની નિયંત્રક, ચેતન શક્તિ 'આત્મા'ને તથા દશ્યમાન વિશાળ બ્રહ્માંડની પાછળ વિદ્યમાન અદશ્ય, નિયંત્રક ચેતન શક્તિ 'પરમાત્મા'ને જાણી લે, તો વિશ્વની તમામ સમસ્યાઓ સરળતાથી દૂર થઈ શકે છે. આ બંને શક્તિઓને જાણ્યા સિવાય અથવા ખોટાં રૂપમાં જાણીને ઉપરોક્ત સમસ્યાઓનું ભલેને અન્ય કોઈપણ સમાધાન મનુષ્ય કાઢશે, તે અપૂર્ણ જ રહેશે. સમસ્ત દર્શનોની અધ્યાત્મવિદ્યાઓનો સાર આપણે એક જ વાક્યમાં જાણવા ઈચ્છીએ તો મહર્ષિ યાજ્ઞવલ્કયની આ પંક્તિ જાણી લેવી પૂરતી થઈ રહેશે.

**"आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्व विदितम्"** । (बृहदारण्यकोपनिषद् ४/५)

અર્થાત્ આત્માને જ જાણવો જોઈએ, તેની ચર્ચા વ્યાખ્યાન સાંભળવા જોઈએ, તેના પર મનન-ચિંતન કરવું જોઈએ, તેનું જ વિશેષ ધ્યાન કરવું જોઈએ. આત્માના દર્શન (જ્ઞાન)થી, ઉપદેશ સાંભળવાથી, મનન કરવાથી, પૂર્ણપણે જાણી લેવાથી આ બધું (ચરાચર જગત) જ્ઞાત થઈ જાય છે, બધું જ પ્રાપ્ત થઈ જાય છે.

વૈદિકકાળમાં, મન-ઈન્દ્રિયોને રોકીને આત્મ-સાક્ષાત્કાર કરવાની આ ક્રિયાનું એટલું બધું મહત્વ હતું કે પાંચ વર્ષનો નાનો સરખો બાળક જ્યારે ગુરુકુલમાં ભણવા જતો ત્યારથી જ આચાર્ય તેને પ્રાતઃકાળ બ્રહ્મમુહૂર્તમાં ઉઠાડી, એકાંત-શાંત સ્થાનમાં બેસાડી, આસન લગાવડાવી, આંખો બંધ કરાવીને, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ લગાવવા જેવી સૂક્ષ્મ ક્રિયાઓ શીખવવાનું શરૂ કરી દેતા હતા. આવું જ ઋષિ મુનિ લોકો પોતે કરતા હતા. આ ક્રિયા મૃત્યુ પર્યંત ચાલ્યા કરતી, પછી ભલેને તે અભ્યાસુ ગમે તે આશ્રમમાં કેમ ન હોય, કોઈપણ વ્યવસાય કેમ ન કરતો હોય ?

દર્શનોમાં આ ક્રિયાને 'યોગ' (= સમાધિ, ઉપાસના) કહેવામાં આવે છે. જીવાત્મા ચેતન છે, જ્ઞાની છે, કર્તા છે, મન વગેરેનો ચાલક છે. મન જડ છે. જીવાત્મા પ્રત્યેક ક્ષણ પોતાની ઈચ્છાથી જ, જડ મનને પ્રેરિત કરીને, કોઈને કોઈ વસ્તુના વિષયમાં ચિંતન (=જ્ઞાન) કરતો જ રહે છે. મનના આ વ્યાપાર (=કાર્ય)ને માટે દર્શનોમાં 'વૃત્તિ' શબ્દનો પ્રયોગ થયેલ છે. મનની બાહ્ય તેમજ આંતરિક વિષયોથી સંબંધિત વૃત્તિઓને રોકી દેવી તે 'યોગ' છે.

આ યોગાભ્યાસથી જ સાધક પોતાના મન પર પૂર્ણ નિયંત્રણ કરીને જે વિષયમાં લગાવવા ચાહે છે, લગાવી દે છે અને જે વિષયમાંથી મનને હટાવવા ચાહે છે, હટાવી દે છે. મનને નિયંત્રણમાં રાખવાથી જ તે પ્રસન્ન રહે છે. યોગાભ્યાસીની એકાગ્રતા વધે છે. સ્મૃતિશક્તિ વિકસિત થાય છે તથા બુદ્ધિ સૂક્ષ્મ થાય છે. આ બધી આધ્યાત્મિક સંપત્તિઓની સહાયતાથી તેના તમામ કામો સફળ થાય છે. યોગાભ્યાસી પોતાના મનમાં વિદ્યમાન કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા આદિ કુસંસ્કારોને સ્પષ્ટરૂપે અનુભવ કરીને તેને વિવિધ ઉપાયોથી નષ્ટ કરવામાં સફળ થઈ જાય છે. નહીંતર આ સંસ્કારોની વિદ્યમાનતા (=હાજરી)માં તે અનિષ્ટ કાર્યો કરીને દુઃખ મેળવ્યા જ કરે છે.

મિથ્યાજ્ઞાનના સંસ્કારો નષ્ટ થતાં જ હવે સાધકનું જીવન સ્વસ્વામી સંબંધ (મમત્વ, હું મારું)થી રહિત, નિષ્કામ ભાવનાવાળું બની જાય છે. આવી અવસ્થામાં તે સાધક 'ઈશ્વરપ્રણિધાન'ને અપનાવે છે. ઈશ્વર મને જોઈ, સાંભળી, જાણી રહ્યો છે, આ ભાવના મનમાં બનાવી રાખવી તે 'ઈશ્વરપ્રણિધાન' કહેવાય છે. 'ઈશ્વરપ્રણિધાન'માં સ્થિત સાધક શરીર, બુદ્ધિ, બળ, વિદ્યા, ધન વગેરે સમસ્ત સાધનોને ઈશ્વર પ્રદત્ત માનીને, તેનો પ્રયોગ મન-વાણી તથા શરીરથી ઈશ્વરની પ્રાપ્તિ માટે જ કરે છે, લૌકિક ઉદેશ્ય ધન, માન, યશ વગેરેની પ્રાપ્તિ માટે કરતો નથી. આવો વ્યક્તિ નિતાંત સંતુષ્ટ, નિર્ભય તથા આનંદિત રહે છે. આ અવસ્થામાં સંસારની ઉથલપાથલ તેને પ્રભાવિત કરી શકતી નથી. આવી વ્યક્તિને દર્શનકારોએ 'જીવનમુક્ત', 'સ્વસ્થ' તથા 'કેવળ' નામથી દર્શાવેલ છે.

ઋષિઓના દર્શનોમાં (એક તરફ) જ્યાં ઉચ્ચસ્તરીય અધ્યાત્મ વિદ્યાઓનું વર્ણન છે, ત્યાં જનસામાન્ય માટે અત્યંત ઉપયોગી તથા વ્યવહારિક સિદ્ધાંતોનો પણ પર્યાપ્ત ઉલ્લેખ મળે છે. આ વ્યવહારિક સિદ્ધાંતો પરિવાર, સમાજ, રાષ્ટ્ર તથા વિશ્વમાં અમલમાં મુકવાથી જ મનુષ્યોમાં પરસ્પર પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધા, સેવા, સહયોગ તથા સંગઠનની ભાવના ઉત્પન્ન થાય છે, અન્ય પ્રકારે નહીં. આ સિદ્ધાંતો = નિયમો એટલાં સર્વપ્રિય છે કે તેનો નિષેધ કોઈપણ વ્યક્તિ કરી શકતો નથી; ચાહે તે કોઈપણ દેશ, જાતિ, મત, પંથ, સંપ્રદાય, ભાષા, રંગ રૂપ, આકૃતિથી સંબંધિત કેમ ન હોય ? આ સિદ્ધાંતો છે 'યમ' અને 'નિયમ'.

**યોગાભ્યાસી પોતાના મનમાં વિદ્યમાન કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા આદિ કુસંસ્કારોને સ્પષ્ટરૂપે અનુભવ કરીને તેને વિવિધ ઉપાયોથી નષ્ટ કરવામાં સફળ થઈ જાય છે.**

યમોનો સંબંધ સમાજની સાથે વધુ છે જ્યારે નિયમોનો સંબંધ વ્યક્તિ સાથે વધુ છે. યમ પાંચ છે (૧) અહીંસા = વૈરભાવ ત્યાગ, કોઈને અનુચિત કષ્ટ ન આપવું (૨) સત્ય = વિચાર, વાણી, વ્યવહારમાં એકરૂપતા (૩) અસ્તેય = ચોરી ન કરવી (૪) બ્રહ્મચર્ય = મનઈન્દ્રિયોં પર નિયંત્રણ કરવું (૪) અપરિગ્રહ = અનાવશ્યક અને હાનિકારક વસ્તુ અને વિચારોથી દૂર રહેવું.

આ પાંચ વ્રતોના રૂપમાં દર્શનોમાં જે વ્યાવહારિક શિક્ષણ અપાયું છે તેના અમલ વિના સામાન્ય સામાજિક વ્યવહારો ચાલવા અને સમાજમાં સુવ્યવસ્થા રાખી શકવી અસંભવ છે. આથી કોઈપણ સ્થાન, કાળ, સ્થિતિમાં તેમાં બાંધછોડ ન કરવી.

નિયમ પણ પાંચ છે. (૧) શૌચ = શરીર તથા મનની પવિત્રતા (૨) સંતોષ = લોભથી દૂર રહી પુરુષાર્થપૂર્વક પ્રાપ્ત વસ્તુમાં પ્રસન્ન રહેવું (૩) તપ = લક્ષ્યપ્રાપ્તિના પ્રયાસમાં આવતા વિઘ્નોનો સહર્ષ સામનો કરવો. (૪) સ્વાધ્યાય = ઉત્તમ ગ્રંથોનું વાંચન, સત્સંગ તથા આત્મનિરીક્ષણ કરવું. (૫) ઈશ્વર પ્રણિધાન = અભિમાન રહિત બની પ્રત્યેક કાર્ય ઈશ્વર સમર્પિત બની કરવું.

નિયમોનું જેટલું જેટલું પાલન કરે છે વ્યક્તિ તેટલી વધુ ને વધુ ઉન્નત બનતી જાય છે તથા પરોક્ષરૂપે સમાજ પર પણ તેનો પ્રભાવ પડે છે.

મહાનુભાવો ! વૈદિક દર્શનોમાં ઋષિઓએ 'ભોગવાદ' તથા 'ત્યાગવાદ' બંનેની ઉપયોગિતા બતાવીને સમન્વયવાદની સ્થાપના કરેલ છે. આત્મા પરમાત્માનો અસ્વીકાર કરીને શરીર અને સંસારને જ કેવળ ભોગ્ય માનવું તે 'ભોગવાદ' છે. શરીર અને સંસારની નિતાંત ઉપેક્ષા કરીને કેવળ બ્રહ્મને જ માનવું તે 'ત્યાગવાદ' છે. જ્યારે વાસ્તવિકતા એ છે કે શરીર અને સંસાર સત્ છે. ઈશ્વરપ્રદત્ત સાધન છે; તેની સર્વથા ઉપેક્ષા કરી શકાય નહીં. તેનો ઉપયોગ પણ આવશ્યક છે. પરંતુ શરીર અને સંસાર સત્ હોવા છતાં પણ અનિત્ય છે, સદાય સાથે રહેનાર નથી. માટે સંસારને ભોગવવાનો છે અને ત્યાગવાનો પણ છે. સંસારમાં ડુબકી લગાવો અર્થાત્ સદુપયોગ અને 'અભ્યુદય' પ્રાપ્ત કરો. પરંતુ તેમાં ડૂબેલાં જ ન રહો તેને પરિણામી, વિકારી તથા નાશવાન માનીને તેનાથી વિરક્ત થઈ 'નિઃશ્રેયસ' પ્રાપ્ત કરો આ જ ઋષિઓનો સમન્વયવાદી દૃષ્ટિકોણ છે. આ જ સિદ્ધાંતને વેદમાં 'तेनत्यक्तेन भुग्जीथाः'શબ્દોમાં કહેવામાં આવેલ છે.

આવો ! ઋષિઓએ, પોતાના દર્શનોમાં સત્ય-સનાતન વૈદિક ધર્મથી સંબંધિત સંસ્કૃતિ, સભ્યતા, રીતિ-નીતિની જે આધ્યાત્મિક તથા વ્યવહારિક વાતોનું વર્ણન કરેલ છે. તેને પુનઃ જીવનમાં અપનાવી મહાન બનીએ સાથે જ આજના ભ્રમિત માનવ સમાજને સાચી દિશા દર્શાવી સુખી, સંપન્ન તથા ઉન્નત કરવાનો પ્રયાસ કરીએ.

**- આચાર્ય જ્ઞાનેશ્વરાર્યઃ**

# સ્વાર્થી અને અજ્ઞાની લોકો તો ક્યારેય સત્યનો સ્વીકાર કરતા નથી

તો હવે આગળનો વિચારણીય પ્રશ્ન એ છે કે ઈશ્વર અને જીવને ' પદાર્થ' અથવા 'દ્રવ્ય' કેવી રીતે માનીએ ?

ઉત્તર : કારણ કે વેદો એન દર્શનશાસ્ત્રો મુજબ આ બંને પર દ્રવ્યની પરિભાષા લાગુ થાય છે. વેદો અને દર્શનશાસ્ત્રો મુજબ દ્રવ્યની પરિભાષા - 'પદાર્થ કે વસ્તુ તેને કહે છે જેનામાં કંઈક ગુણ હોય, અથવા ગુણની સાથે સાથે ક્રિયા પણ હોય ' . હવે વિચારો કે શું ઈશ્વર અને જીવનમાં કંઈક ગુણ છે કે નથી ? જો હોય તો આ બંને ' પદાર્થ ' સિદ્ધ થઈ ગયા. ઈશ્વરમાં શું ગુણ છે ? ન્યાય, દયા, જ્ઞાન, આનંદ વગેરે વગેરે અનેક ગુણ ઈશ્વરશમાં છે તેથી ઈશ્વર એક દ્રવ્ય અથતવા પદાર્થ છે. એવી જી રીતે જીવનમાં પણ ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન અને જ્ઞાન વગેરે અનેક ગુણ છે તો જીવ પણ એક 'પદાર્થ' છે તે બરાબર સિદ્ધ થઈ ગયું.

ઈશ્વર અને આત્માને 'દ્રવ્ય' અથવા 'પદાર્થ' સિદ્ધ કર્યા પછી હવે આ લેખના મુખ્ય વિષય પર આવીએ કે "ઈશ્વર ન્યાયકારી છે કે નહીં ?" તેનો જવાબ છે કે "ઈશ્વર પૂર્ણ ન્યાયકારી છે." પ્રશ્ન - ન્યાયકારી કોને કહે છે ? ઉત્તર - જે ન્યાયથી વ્યવહાર કરે છે. પ્રશ્ન - ન્યાય કોને કહે છે ? ઉત્તર - આમ તો ન્યાયના ઘણાં નિયમ છે. પરંતુ સંક્ષેપ્તમાં આપણે ૧૧ નિયમોને અહીં રજુ કરીશું. જેને લગભગ બધાં બુદ્ધિમાન લોકો સ્વીકાર કરે છે. મારા વિચાર મુજબ આ નિયમોને માનવામાં કોઈપણ બુદ્ધિમાન વ્યક્તિનો વિરોધ નહીં હોય. (સ્વાર્થી અને અજ્ઞાની લોકો તો ક્યારેય સત્યનો સ્વીકાર કરતા નથી તેમને આપણે છોડી દઈએ છીએ, બુદ્ધિમાન લોકો અવશ્ય આ નિયમોનો સ્વીકાર કરશે).

**ઈશ્વર ન્યાયકારી છે કે નહીં ?**

**૨ વક્તા - સ્વામી વિવેકાનંદજી**

**સંકલન : સુશ્રી જસવિદ્યાબેન સોમપુરા**

નિયમ - ૧ : સારા કર્મનું સારું ફળ આપવું જોઈએ. (જેમ કે દેશની રક્ષા કરવાથી સૈનિકોને પુરસ્કાર આપવામાં આવે છે.)

નિયમ - ૨ : ખરાબ કર્મનું ખરાબ ફળ આપવું જોઈએ. (જેમ કે ચોરોને જેલમાં નાંખીને દંડ આપવામાં આવે છે.)

નિયમ - ૩ : જે વ્યક્તિ કર્મ કરે તેને જ ફળ આપવું જોઈએ કોઈ બીજા વ્યક્તિને નહીં. ( જેમ કે જે વ્યક્તિ ચોરી કરે તેને જ જેલમાં નાંખવો જોઈએ બીજી વ્યક્તિને નહીં.)

નિયમ - ૪ : પહેલાં કર્મ થવું જોઈએ પછી ફળ આપવું જોઈએ. (જેમકે પહેલાં પરીક્ષા આપવામાં આવે છે અને પછી ગુણાંક આપવામાં આવે છે.)

નિયમ - ૫ : જો કર્મ નથી કર્યું તો ફળ પણ ન આપવું જોઈએ. (જેમ કે કાર્ય નથી કર્યું તો વેતન (પગાર) પણ ન મળવો જોઈએ.)

નિયમ - ૬ : જો કર્મ કરવામાં આવ્યું હોય તો ફળ અવશ્ય આપવું જોઈએ. કર્મનું ફળ માફ ન કરવું જોઈએ. ( જેમ કે ચોરોને દંડ અવશ્ય આપવો જોઈએ તેમને માફ ન કરવા જોઈએ ત્યારે જ ન્યાય કહેવાશે.)

નિયમ - ૭ : જેટલું કર્મ કરવામાં આવે તેટલું જ ફળ આપવું જોઈએ ન ઓછું ન વધારે. (જેમ કે કોઈ કારીગરે મહિનામાં ૨૦ દિવસ કાર્ય કર્યું હોય તો તેને ૨૦ દિવસનો જ પગાર મળવો જઈએ ન ઓછો ન વધારે).

નિયમ - ૮ : ફળ આપતાં પહેલાં કર્મને બરાબર જાણી લેવું જોઈએ. કર્મને જાણ્યા વિના બરાબર ફળ આપી શકાતું નથી. (જેમ કે ન્યાયાધીશ લોકો ફળ આપતાં પહેલાં ઘટનાને સાંભળી લે છે પછી ન્યાય કરે છે. નહિતર અન્યાય થઈ જશે.

**(ક્રમશઃ)**

# સ્વયં, પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વથી સંબંધિત સમસ્યાઓ મોજૂદ છે અને સદા રહેશે

અધિકાંશ સમસ્યાઓનું સમાધાન હોય છે. જો કોઈને સમસ્યાનું સમાધાન કરવાનું ન આવડે, તો બીજા પક્ષમાં એ છે કે વ્યક્તિએ પોતાની શક્તિ અને સામર્થ્ય એટલાં વાપરવા જોઈએ કે તે સમસ્યાનું સમાધાન કાઢી શકે અથવા તેને સહન કરી શકે અથવા ટાળી શકે.

ભૂમિકા :- સમસ્યાનું સમાધાન કાઢવું જોઈએ કારણ કે -

(૩) સમસ્યારહિત વ્યક્તિ જ સુખી હોય છે.

પ્રસન્ન વ્યક્તિ કોણ છે, સુખી વ્યક્તિ કોણ છે, સંતુષ્ટ વ્યક્તિ કોણ છે, નિર્ભિક વ્યક્તિ કોણ છે અને સ્વતંત્ર વ્યક્તિ કોણ છે ?

**સમસ્યા - સમાધાન**

**આચાર્ય જ્ઞાનેશ્વરજી દ્વારા**

**સમસ્યા-સમાધાન વિષયક ઉપદેશકોનો સંગ્રહ**



**સંપાદક તથા ભૂમિકા લેખક ડૉ. રાધાવલ્લભ ચૌધરી**

**૨ અનુવાદિકા**

**આર્યા વાનપ્રસ્થા જયાબેન પોરિયા (યુ.કે.)**

સમસ્યા, આશંકા, ભય, ચિંતા, ક્ષોભ, સંશય વગેરેથી રહિત જે વ્યક્તિ હોય છે તે પ્રસન્ન હોય છે. તે જ સંતુષ્ટ હોય છે, સુખી હોય છે, નિર્ભીક હોય છે. આનાથી વિપરીત જે વ્યક્તિના મન, મસ્તિષ્કની અંદર સમસ્યાઓ બની રહેછે, તે શોકગ્રસ્ત રહેશ, દુઃખી રહેશે, ચિંતિત રહેશે, ભયભીત રહેશે અને આશક્તિ રહેશે. તેથી સમસ્યાઓનું સમાધાન પ્રાપ્ત કરવા માટે જે-જે ઉપાય ધાર્મિક, આધ્યાત્મિક, દાર્શનિક ગ્રંથોમાં બતાવવામાં આવ્યા છે, તેને ઠીક પ્રકારથી જાણીને પોતાનાં જીવનમાં તેનો પ્રયોગ કરવો જોઈએ.

(૪) સમસ્યાઓથી કોઈ બચી શકતું નથી.

કેટલાય પ્રકારની સમસ્યાઓ હોય છે, જેવી કે - સ્વયંના દ્વા ઉત્પન્ન કરેલી સમસ્યાઓ, બીજાઓના દ્વારા ઉત્પન્ન કરેલી સમસ્યાઓ. વ્યક્તિગત, પારિવારિક, સામાજીક, રાષ્ટ્રીય અને વિશ્વ સ્તરની જુદા-જુદા પ્રકારની સમસ્યાઓથી વ્યક્તિ ગ્રસ્ત રહે છે. સામાન્ય વ્યક્તિ હોય, બુદ્ધિમાન-વિવેકી વ્યક્તિ હોય કે ધનવાન વ્યક્તિ હોય, તેની સામે પણ સમસ્યાઓ આવશે. જીવનપથ પર ચાલતાં ચાલતાં કદમ-કદમ પર બધાની સામે સમસ્યાઓ ઉપસ્થિત થાય છે. ઋષિ હોય, મુનિ હોય, યોગી હોય, ધનવાન હોય, વિદ્વાન હોય, બળવાન હોય, કે સામર્થ્યવાન હોય, ભલે સર્વાધિક ગુણ-સંપન્ન વ્યક્તિ પણ કેમ ન હોય, દુનિયામાં કોઈ પણ વ્યક્તિ એવી નથી, અને થશે નહીં જે પૂર્ણરૂપથી સમસ્યાઓથી રહિત થઈ જાય. સ્વયં, પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વથી સંબંધિત સમસ્યાઓ મોજૂદ છે અને સદા રહેશે. પ્રત્યેક વ્યક્તિના જીવનમાં સમસ્યાઓ સદા રહી છે અને સદા રહેશે.

એવું ક્યારેય પણ નહિ હોય કે વ્યક્તિ સામે સમસ્યાઓ આવે નહીં. એવી સ્થિતિ બની જ શકે તેમ નથી. એવી સ્થિતિ જરૂર બની શકે તેમ છે કે વ્યક્તિ સમસ્યાઓનું સમાધાન કાઢવાનુ સામર્થ્ય અને જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરી લે અથવા એટલું બળ પ્રાપ્ત કરી લે કે સમસ્યાઓને સહન કરી લે, અથવા તેઓની ટાળી દે.

વિવેકી, બુદ્ધિમાન અને ધૈર્યવાન વ્યક્તિ એ બધી સમસ્યાઓનું સમાધાન કાઢી લે છે અથવા પછી તે તેઓને સહન કરી લે છે અથવા તેમને ટાળી દે છે એન પ્રસન્ન રહે છે. જે આ ત્રણ કાર્યોને કરી શકતા નથી, તે વ્યક્તિ પ્રત્યેક દિન, પ્રત્યેક કલાક અને પ્રત્યેક ક્ષણ સમસ્યાઓથી ગ્રસ્ત રહે છે, તેમનાથી દુઃખી રહે છે, ચિંતિત રહે છે, ભયભીત રહે છે અને બંધનમાં બંધાયેલા હોવાની અનુભૂતિ કરે છે. એટલા માટે પ્રત્યેક વ્યક્તિએ દાર્શનિક દ્રષ્ટિકોણથી સમસ્યાઓનું સમાધાન કાઢવાનું જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. **ક્રમશઃ**

# આર્યસમાજ, નડીયાદના નુતન કાર્યાલયનો શુભારંભ

આર્યસમાજ, નડીયાદના નુતન કાર્યાલયમાં શુભયજ્ઞના અયાોજનની સાથે સાથે નવા કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો છે. ગત તા. ૨૧મી મેના રોજ સાંજે ૬ કલાકે યોજાયેલા આ યજ્ઞનાં બ્રહ્માપદે પં. દિનેશચંદ્ર આચાર્ય રહ્યા હતા. તેઓએ વૈદોક્ત વિધિથી યજ્ઞ સંપન્ન કરાવેલ જેમાં યજ્ઞની મહિમા, ગૃહસ્થ જીવન, આર્યસમાજનો પ્રચાર પ્રસાર કેવી રીતે થાય તેની સુંદર માહિતી આપી હતી.



આ પ્રસંગે સામાજીક કાર્યકર, આર્યશ્રેષ્ઠી ગુરુકુળ સોનગઢના સ્નાતક શ્રી ભારતસિંહજી પરમાર, ફતેપુરા ગામ નિવાસી તથા આર્યસમાજ નડીયાદના પ્રમુખ શ્રી દેવીન પટેલ, કોષાધ્યક્ષ યોગેશભાઈ, નરેશભાઈ કંથારીયા, શ્રી જીતેન્દ્રસિંહજી યુ. રાજ, એડવોકેટ શ્રી અતુલભાઈ વ્યાસ, શ્રીમતી ભાવનાબેન એ. વ્યાસ, પત્રકાર શ્રી ગૌતમભાઈ બ્રહ્મભટ્ટ, શ્રીમતી કોકીલાબેન બ્રહ્મભટ્ટ, હિન્દુ મહાસભાના મંત્રી શ્રી દશરથલાલ આર્ય, શ્રી ચીમનભાઈ ચૌહાણ, શ્રી રાજુભાઈ પારેખ, શ્રી કિર્તીભાઈ ત્રિવેદી, હર્ષ આર્ય તથા હેમા આર્ય સહિત સોસાયટીના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

પ્રમુખશ્રીએ આર્યસમાજ, નડીયાદની સ્થાપના ૨૦૧૧ થી ૨૦૧૫ સુધી થયેલ આર્યસમાજની વિવિધ પ્રવુત્તિ વિશે ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતા. આર્ય શ્રેષ્ઠી શ્રી ભારતસિંહજી પરમારે પોતાના વક્તવ્યમાં ખેડા જીલ્લામાં આર્યસમાજ નડીયાદની સ્થાપના કરી હતી તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, આર્યસમાજ એક વૈદિક મિશન છે. જેમાં વેદ, ઉપનિષદ, દર્શનશાસ્ત્રોનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. માનવજીવનના કલ્યાણ હેતુ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ આર્યસમાજની સ્થાપના કરી હતી. આર્યસમાજ એટલે કે શ્રેષ્ઠ મનુષ્યનો સમાજ. તેમણે પં. દિનેશચંદ્ર આચાર્યની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે તેઓ દિવસ-રાત સતત મહેનત કરી પ્રચાર-પ્રસાર કરીરહ્યા છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે પં. દિનેશચંદ્ર આચાર્ય દ્વારા આર્યસમાજ નડીયાદ તરફથી થતાં લગ્ન, વાસ્તુ, જન્મદિવસ, નામકરણ, જનોઈ, આર્યપર્વ, શાંતિયજ્ઞ વગેરે કરાવવામાં આવે છે. જેનાથી સંસ્થામાં દાનનો સ્રોત રહે છે. હાલમાં નૂતન ભવનમાં લગભગ ૮૦ હજાર જેટલો ખર્ચ કરીને રીનોવેશન થયેલ છે જે પં. દિનેશચંદ્ર આચાર્યએ સંસ્કારો કરાવી તેમજ યજમાનો પાસેથી દાન લાવી ખર્ચની પૂર્તિ કરેલ છે. સંસ્થામાં વેદોનો પ્રચાર-પ્રસાર વધે, આગામી સારા કાર્યક્રમો થાય તે માટેનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું શ્રી ભારતસિંહજીએ જણાવ્યું હતું.

તમામ ઉપસ્થિત મહાનુભાવોનો પ્રમુખશ્રીએ આભાર વ્યક્ત કરતાં સાપ્તાહિક સત્સંગ તેમજ સમય-સમય પર આર્યપર્વમાં થતા કાર્યક્રમોમાં હાજર રહેવા અનુરોધ કર્યો હતો. શાંતિપાઠ સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી.

# આર્યસમાજ, પોરબંદર દ્વારા "ગૃહસ્થ જીવનમાં વિસરાતું દાંપત્ય જીવન" વિષય પર સેમીનારનું આયોજન કરાયું

પોરબંદર

સામાજીક સેવામાં સદા તત્પર આર્યસમાજ, પોરબંદર દ્વારા ગત તા. ૨૪મી મેના રોજ સવારે ૧૦ : ૦૦ થી ૧૨ : ૩૦ દરમ્યાન ગૃહસ્થ જીવનમાં વિસરાતું દાંપત્ય જીવન એ વિષય પર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આર્યસમાજમાં છેલ્લા ૪ મહિના દરમ્યાન થયેલા વિવાહના નવદંપત્તિઓ માટે ખાસ સેમિનારનું આયોજન કરાયું હતું અજમેરથી ખાસ પધારેલા આચાર્ય રામસ્વરૂપજીએ આ સેમીનારમાં ઉપસ્થિત નવદંપતિઓને ગૃહસ્થાશ્રમનું મહત્વ સમજાવ્યું હતું.

આચાર્ય રામસ્વરૂપજીએ ગૃહસ્થીઓએ આચરણમાં લાવવાના પાંચ સોનેરી સુત્રો આપ્યા હતા. તેમણે ઉપસ્થિત નવદંપતિઓને ગૃહસ્થજીવનમાં સુખી રહેવા માટે (૧) મધુરતા (૨) સરલતા-સમરસતા (૩) પરસ્પર વિશ્વાસ (૪) મૈત્રી અને (૫) ઉદારતા આ પાંચ સોનેરી સુત્રોનો અમલ કરવા અનુરોધ કર્યો હતો.

આ સેમિનારમાં ભાગ લેવા આવેલા તમામ નવદંપતીઓને આર્યસમાજ, પોરબંદર દ્વારા ખાદીનો રૂમાલ તથા એક ગુલાબનું ફૂલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સેમિનારના ઉતરાર્ધમાં ઉપસ્થિત નવદંપતીઓએ પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં પોતાના મનની શંકાઓ રજુ કરી હતી. આ શંકાઓનું આચાર્ય રામસ્વરૂપજીએ સરલ શબ્દોમાં સમાધાન કર્યું હતું.



આર્યસમાજ, પોરબંદરના પ્રમુખ શ્રી એચ. કે. મોતીવરસે ઉપસ્થિત તમામ નવદંપતીઓનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન આર્યસમાજ, પોરબંધરના મંત્રી શ્રી ધનજીભાઈ આર્યએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં આર્યસમાજના કાર્યકરો સર્વશ્રી શાંતિલાલ ગોહેલ, શ્રી નાથાલાલ લોઢારી, શ્રી દિલીપભાઈ જુંગી, શ્રી કરસન એન. ગોહેલ, શ્રી કિશોરભાઈ તથા શ્રી હરનારાયણ સિંહે પોતાનું યોગદાન આપ્યું હતું. અંતમાં સર્વેએ ભોજનની સુંદર વ્યવસ્થાનો લાભ લીધો હતો.

## સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળ ભવાનીપુર-કચ્છ

## વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે જાહેરાત

આધુનિક સુવિધા સાથે અર્વાચીન સંસ્કારોનું સિંચન કરતી સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળમાં ૫ મા ધોરણથી પ્રવેશ શરૂ થઈ રહેલ છે. ઉત્તમ રહેવાનું, શિક્ષણ માટે વ્યક્તિગત દેખરેખ અને જીવનનું ઘડતર સુંદર રીતે થાય એવા સાત્વિક આહાર સાથે ૧ ૨ મા ધોરણ સુધીની ભણતરની વ્યવસ્થા ધરાવતી સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરુકળ ખાતે ઈચ્છુક વિદ્યાર્થીઓના વાલીઓએ અગાઉથી ફોન દ્વારા સમય લઈ રૂબરૂ મળવું મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોઈ વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે.

**સંપર્ક : આચાર્ય સ્વામી શ્રી શાંતાનંદજી**

**મો : ૦૮૯૮૦૫ ૭૩૭૦૮ , ૯૯૯૮૫ ૯૪૮૧૦**

**ગુરુકુળ : ૦૨૮૩૧ ૨૮૮૨૫૫**

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

# સત્યની ખોજ એ જ કરી શકે જે સિદ્ધાંતોની માયાજાળમાં બંધાયેલ નથી

## સત્યની ખોજ (૨)

- છાજૂરામ શર્મા, નવી દિલ્હી

જે વ્યક્તિને પરતંત્ર રહેવું હોય તેણે એવું વિચારવું ન જોઈએ કે સત્ય શું છે, જેમ સ્વામી કહે તેમ જ તે કરે. પરંતુ તેને પોપટની જેમ સદાય પીંજરામાં પુરાઈ રહેવું પડશે. તેનાથી મુક્ત થવાનો એક જ માર્ગ સત્યનો છે. આ માર્ગ સ્વાર્થીઓ માટે ખતરનાક છે, કારણ કે તે મનુષ્યને સ્વતંત્રતા તરફ લઈ જાય છે. પરતંત્રતા પ્રથમ મનુષ્યને સુરક્ષિત લાગે છે. પીંજરામાં પક્ષી કેટલું સુરક્ષિત રહે છે. ત્યાં આંધી-તોફાનનો ભય નથી, પાણી-વીજળીનો ભય નથી. આથી લોકો તો પરતંત્ર રહેવામાં સંતુષ્ટ છે. સુરક્ષા જ તેનો ધર્મ છે. પરતંત્રતા સૌથી મોટું દુ:ખ છે. જે પરતંત્રતા બળાત્કારે થોપવામાં આવે છે, તે વાસ્તવિક પરતત્રતા નથી. હા, જેને પોતે સ્વીકાર કરી લે છે તે વાસ્તવિક પરતંત્રતા છે. ઘણા બધા એ સ્વીકાર કરી લે છે કે તેઓ કયાંક ને કયાંક બંધાયેલા છે. કેટલાક કુરાનથી બંધાઈ ગયા, કેટલાક બાઈબલથી, કેટલાક ગીતાથી, કેટલા ગ્રંથસાહેબથી, કેટલાક માર્કસવાદથી અને કેટલાક અન્ય ધર્મગુરુથી બંધાઈ ગયા છે. આ પ્રકારે સ્વીકાર કરેલી દાસતા આપણા આત્માને બાંધી લે છે. જયારે આપણે કોઈને કોઈથી બંધાઈએ છીએ તો સ્પષ્ટ છે કે આપણે પરતંત્ર જ છીએ, સ્વતંત્ર વિચારક નહિ. પરાધીન આત્મા સત્યની ખોજ કેવી રીતે કરી શકે છે ? ખૂબ મોટી બેડીઓ છીએ જેમાં સ્વયં આપણે બંધાયેલા છે. તેને સાથે લઈ સ્વતંત્રતાથી આકાશમાં કદીપણ ઉડી શકાય નહીં. જ્ઞાન અને કર્મ, આ બે પાંખો છે મનુષ્યની. પરંતુ ધર્મગુરુઓએ પોતાને અધીનસ્થ શિષ્યોની આ બે પાંખો કાપી નાંખી છે અર્થાત તેઓ તેમના જ્ઞાન અનુસાર કર્મ કરવામાં વિવશ છે. બંધાયેલ કે કપાયેલ પાંખવાળું પક્ષી કેવી રીતે ઉડી શકે છે ? વૃક્ષ જમીનથી બંધાયેલ છે, તેની જડો જમીન સાથે જોડાયેલ છે, પરંતુ વ્યક્તિનો આત્મા જમીનથી પણ અધિક ઉંડે ફસાયેલ છે. તે પોતે કંઈ વિચારી શકતો નથી, કંઈ બોલી શકતો નથી કે કંઈપણ સ્વતંત્રતાપૂર્વક કરી પણ શકતો નથી. તેનાથી મુકત થયા વિના તેની સત્યની યાત્રા આગળ ચલાવી શકતો નથી. મનુષ્ય પોતાની અજ્ઞાનતાના કારણે સ્વયં ગુલામ છે. સૌથી અભાગો મનુષ્ય એ છે કે જે એ નથી જાણતો કે હું ગુલામ છું, તે તો પોતાને સ્વતંત્ર જ સમજે છે જે સર્વથા અસત્ય છે. પ્રથમ સત્ય છે કે આપણે પરતંત્ર છીએ, બંધાયેલા છીએ. બંધન આપણી આધ્યાત્મિક દાસતા છે જેનાથી આપણે મુકત થવાનું છે. બંધન મૃત્યુથી પણ અધિક ભયપ્રદ છે. જે બંધનમુક્ત છે, તે જ આપણને બંધનથી છોડાવી શકે છે. સંત કબીરે કહ્યું છે-

**શું એ આશ્ચર્ય નથી કે આપણે સ્વયંથી અપરિચિત છીએ. જેટલા સત્યને જાણનારોઓ છે, એનાથી પણ ઓછા સત્યને અનુભવ કરનારા છે.**

બંધે કો બંધા મિલે, છૂટે કૌન ઉપાય ।
સેવા કર નિર્બંધ કી જો પલ મેં દેય છુડાય ।।

સત્ય જ્ઞાન જ મનુષ્યને દાસતાના બંધનથી મુક્ત કરાવી શકે છે. આપણને ખબર જ નથી કે આપણે જેલમાં બંધ છે. આપણી ચારેય બાજુ મોટી મોટી દીવાલો છે. એક હિંદુ કહે છે કે હું હિંદુ છું. મુસલમાન કહે છે કે હું મુસલમાન છું. તેઓ એ નથી સમજતા કે તેઓ હિંદુ-મુસલમાન રુપી દીવાલોની અંદર બંધ છે. આ દીવારો જ મનુષ્યને મનુષ્ય સાથે મળવા નથી દેતી. બંનેને મળવામાં આવતો અવરોધ જ દીવાલ છે જેને વેદમાં 'દુરિત' કહેલ છે. આ મજહબી સિદ્ધાંતો જ છે જે મનુષ્યોને પરસ્પર મેળાપ કરવામાં રોક લગાવે છે. સિદ્ધાંતોની દીવાલો જ મનુષ્યને સત્યની ખોજ કરવામાં અવરોધ ઉભો કરે છે. જેટલા પણ અન્વેષકો થયા છે તેઓ કોઈ સાથે બંધાયેલા ન હતા, વિચારમાં સ્વતંત્ર હતા. તેઓએ વિશ્વમાં વિજ્ઞાનનો વિસ્તાર કર્યો છે.

એક વ્યક્તિ કહે છે, ઈશ્વર છે. બીજો કહે છે, ઈશ્વર નથી. અહીં એક 'છે' થી બંધાયેલ છે અને બીજો 'નથી' થી બંધાયેલ છે. પરંતુ સત્યની ખોજ કરનાર કહે છે કે મને બરાબર ખબર નથી કે તે છે કે નહિ. તે આગળ જાણવામાં પ્રયત્નશીલ રહે છે. ભવિષ્યના આકાશમાં ઉડવા માટે તે સ્વયંને 'છે કે નહીં' ના બંધનથી મુક્ત કરી દે છે. કોઈપણ જાતનું બંધન ગુલામી છે. ગુલામીના બંધનને તોડયે જ છૂટકો. સત્ય સ્વયં નગ્ન હોય છે. સત્યની ખોજ એ જ કરી શકે છે જે સિદ્ધાંતોની શબ્દજાળમા બંધાયેલ નથી.

સત્યનો પહેલો અનુભવ સ્વયંની અંદર છે. સત્ય અંદરથી ઉપલબ્ધ થાય છે. લોકો બીજાને જાણવા ઈચ્છે છે, સ્વયંને નહીં. શું એ આશ્ચર્ય નથી કે આપણે સ્વયંથી અપરિચિત છે. જેટલા સત્યને જાણનારાઓ છે, એનાથી પણ ઓછા સત્યને અનુભવ કરનારા છે. આપણે શબ્દોને યાદ કરી લઈએ છીએ અને સમજીએ છીએ કે આપણે જ્ઞાની છીએ. કોઈએ ગીતા યાદ કરી લીધી તો કોઈએ રામાયણ અને કોઈએ વેદમંત્રો કંઠસ્થ કરી લીધા. સમજી લીધું છે કે જ્ઞાન મેળવી લીધું, આગળ શેષ નથી. આવું માનનાર વ્યક્તિ આગળ વધી શકે નહીં. આ બિંદુએ તેના જ્ઞાનનો અંત થઈ ગયો. પોતે જ્ઞાની હોવાનો ભ્રમ અતિખતરનાક છે. સત્યનું પ્રથમ ચરણ એ છે કે હુ કશું જાણતો નથી. આમ માન્યે જ્ઞાનનો દરવાજો ખુલી જાય છે, હવે તે આગળ વધશે. સ્વયંને અજ્ઞાની સ્વીકાર કરવો મોટા સાહસની વાત છે, કારણ કે ભીતરનો અહંકાર પોકારી ઉઠે છે કે સ્વયંને અજ્ઞાની ન માનો.

વસ્તુત: આપણી પાસે તો થોડાક શબ્દોની માત્ર જોડ છે. શબ્દોને છીનવી લો, પછી કહો કે આપણી પાસે શું છે ? સ્વયંનો અનુભવ કરવો જ પોતાનું જ્ઞાન છે, શેષ તો ઉછીનું જ્ઞાન છે. શબ્દોને રટી લેનાર વ્યક્તિ જ્ઞાની બની શકતો નથી. પોતે જ્ઞાની હોવાનો ભ્રમ અજ્ઞાનથી પણ વધુ ખતરનાક છે. કારણ કે અજ્ઞાની વ્યક્તિ સત્ય જ્ઞાનનો અભિલાષી બન્યો રહે છે જયારે જ્ઞાની હોવાનો ભ્રમ તેને પતનની ખાઈમાં ધકેલી દે છે. સંસાર અજ્ઞાનના કારણે એટલો દુ:ખી નથી જેટલો મિથ્યા જ્ઞાનને કારણે દુ:ખી છે. સત્યની દૂરી મિથ્યા જ્ઞાનના કારણે છે. સત્ય જ્ઞાન પોતાની અંદરથી ઉત્પન્ન થાય છે. અન્યોથી શીખેલ જ્ઞાન સંદિગ્ધ હોઈ શકે છે.

સત્યની ખોજ એ છે કે જે વ્યક્તિ એકલો છે, અસહાય છે, તે જ ભગવાન સાથે જોડાઈ શકે છે. તેને મળવા માટેનો દ્વાર એકલતામાં ખુલે છે. વચ્ચેના એજન્ટોની આવશ્યકતા નથી જે ભગવાન સાથે મેળાપ કરાવવાનો દાવો કરતા રહે છે. જે પૈગંબરો, અવતારો કે ધર્મગુરુઓથી જોડાયેલ છે તે ભગવાન સાથે જોડાઈ શકતો નથી. ધર્મગુરુ તો કેવળ માર્ગ બતાવે છે. ભગવાનને મળવાનું સાધન (ઉપાય) તો સ્વયં ઉત્પન્ન કરવું પડે છે. આર્યોના વેદાદિ શાસ્ત્ર અને મુસલમાનોનો કુરાને શરીફ એ વાતની સાક્ષી પૂરે છે કે આત્મા-પરમાત્મા તો પિતા-પુત્રનો સંબંધ છે. પુત્ર સીધો પિતાની ગોદમાં જવા માટે સ્વતંત્ર છે. કોઈ વચેટીયાની આવશ્યકતા બિલકુલ નથી. ભીડભાડ, શોરબકોર સાથે ભગવાનને કોઈ સંબંધ નથી. હિંદુ, મુસલમાન, ઈસાઈ, બુદ્ધ, જૈન બધા એક ભીડના હિસ્સા છે. ભગવાન સાથે મળવા માટે આ ભીડ પૂર્ણતયા બાધક છે. મંદિરો, મસ્જીદો, ગુરુદ્વારા કે તીર્થો અને મેળાઓમાં સર્વત્ર ભીડ લાગેલી રહે છે. જયાં સુધી આપણે કોઈનો સહારો પકડી રાખ્યો છે, ત્યાં સુધી ભગવાનનો સહારો આપણી મળી શકતો નથી. ભગવાન તો બેસહારાનો

**પરાધીન આત્મા સત્યની ખજ કેવી રીતે કરી શકે છે ? ખૂબ મોટી બેડીઓ છે જેમાં સ્વયં બધાયેલા છે. તેને સાથે લઈ સ્વતંત્રતાથી આકાશમાં કદીપણ ઉડી શકાય નહીં.**

સહારો છે. દવાની આવશ્યકતા તો રોગીને હોય છે, નિરોગીને નહિ. પરંતુ આપણે તો પૈગંબરોનો સહારો છોડતા નથી, કેવી રીતે ભગવાન સાથે જોડાઈ શકીએ ? પ્રભુપ્રાપ્તિની યાત્રા મનુષ્યએ એકલા જ કરવાની છે. પૈગંબરોથી મુકત થવું અનિવાર્ય છે. હોડી દ્વારા નદી પાર કરનાર વ્યક્તિ નદી પાર થઈ ગયા પછી પણ હોડીને પકડી રાખે તો વાંછિત સ્થાન પર કેવી રીતે પહોંચી શકે ? હોડી તો સાધન છે. સાધ્યની પ્રાપ્તિ સાધન દ્વારા પૂર્ણ થયે સાધનને છોડવું જ પડે છે.

વેદનું વાકય છે - 'ખમ્ બ્રહ્મ' ઈશ્વર આકાશવત નિરાકાર અને સર્વત્ર વ્યાપક છે. શૂન્ય નામ આકાશનું છે. બધા શાસ્ત્રોના ગુરુઓનો સંકેત શન્ય તરફ છે. ભક્તિ માર્ગમાં શૂન્ય નો અર્થ છે ધ્યાન, સમાધિ. શૂન્યનો અર્થ કશું નહિ, બિલકુલ ખાલી. 'કંઈ જ નથી' થી જ સર્વકંઈ પ્રાપ્ત થાય છે. આ શૂન્ય પૂર્ણનો દ્વાર છે. જેઓ શૂન્યના દ્વારથી પ્રવેશ કરે છે, તેઓ જ અંદર જઈ અનન્તની યાત્રા કરી લક્ષ્યને પ્રાપ્ત કરે છે. ખાલી સ્થાનથી જ પ્રવેશ કરી શકાય છે. ખાલી ઘડામાં જ પાણી ભરી શકાય છે. મનમાં અનેક શબ્દો ભર્યા છે. બસ આ જ દીવાલ છે. દીવાલને હટાવી દો.

"ધ્યાનં નિર્વિષયં મન:" (યોગ.) ભગવાનની પ્રાપ્તિ માટે મનને વિષયોથી અલગ કરી દો. ત્યાં 'સ્વયં' સિવાય કંઈ રહેશે નહીં. મંદિરમાં જઈએ છે છતાં ધ્યાન લાગતું નથી, કારણ કે ત્યાં ઈન્દ્રિયોના પાંચ વિષય ઉપસ્થિત હોય છે. ભીડભાડથી શબ્દ પ્રદૂષિત હોય ત્યાં ધ્યાન કયા પ્રકારે લાગે ? આથી જ તો અમે કહીએ છીએ કે ઈશ્વરપ્રાપ્તિ કેવળ એકલાની યાત્રા છે.શૂન્ય તરફ ચાલવાનું છે. ડુંગળીને છોલતા જાઓ, અંતમાં શું બચશે ? એ જ શૂન્ય ! આપણા મનમાં શબ્દોના જાળા લાગી ગયેલા છે. જે દિવસે આ જાળાઓ સમાપ્ત થઈ જશે, ત્યારે જે શેષ બચશે તે સત્ય છે. ઈશ્વરનું એક નામ 'શેષ' પણ છે. બહારના જગતમાં મનુષ્યની ભીડ અધિક છે, તો મનમાં વિષયોની ભીડ અધિક છે. આ કારણે જ આપણે અંદર પ્રવેશી શકતા નથી.અંદર પ્રવેશ કરવાથી જ સત્યને જાણી શકાય છે. સૌથી મોટી ખોજ આ જ છે. આને ખોજવા માટે શૂન્ય (સમાધિ) ના દ્વારથી પ્રવેશ કરવાનું છે.

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : હરીશ રાણાએ શ્રી રામપ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનર્સ, પ્લોટ નં. ૩૨૭, અજંતા કોમ્પ્લેક્ષ, દેના બેંકની પાછળ, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં.૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧ જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

PUBLISHER,OWNER,PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT SHREE RAM PRINTERS & STATIONERS, Plot No. 327, Ajanta Complex, B/h Dena Bank, Sector No. 16, Gandhinagar. PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.